ગુજરાત સમાચાર
23 ઓક્ટોબર 2026, શુક્રવાર

# ચિત્રલોક



## મને ફિલ્મ નકારવા માટે અપાયેલું સૌથી ખરાબ કારણ:

# તાપસી પન્નુ: હીરોની વાઈફને હું ગમતી નહોતી!

હિન્દી ફિલ્મોમાં બોલ્ડ એન્ડ બ્યુટિફુલ હિરોઈન તરીકે સફળ તાપસી પન્નુ મોં ખોલે એટલે ઘણાંનાં મોં આશ્ચર્યથી ખુલ્લાં રહી જાય છે. તાપસી બોલિવુડમાં પોતાની વાત કોઈપણ શેહશરમ વિના બેધડક રજૂ કરવા માટે જાણીતી છે. તાજેતરમાં તેણે એક યુટ્યુબર સાથેની મુલાકાતમાં ફિલ્મોમાંથી પોતાને પડતી મૂકવાના મુદ્દે નિખાલસ વાતો કરી હતી. તાપસીએ પણ પોતાની કારકિર્દીમાં એવી અનેક પરિસ્થિતિઓનો સામનો કર્યો છે, જ્યાં તેને છેલ્લી ઘડીએ પ્રોજેક્ટમાંથી રવાના કરી દેવાઈ હોય અથવા તો 'આ ફિલ્મ તારા માટે યોગ્ય નથી' તેમ કહીને સાઈડલાઈન કરી દેવાઈ હોય.

તાપસી કહે છે, 'મને ફિલ્મ નકારવામાં આવે તેની સામે કોઈ વાંધો નથી, પરંતુ સંબંધિત સર્જકો તે અંગે કોઈ યોગ્ય કારણ સુદ્ધાં ન આપે તે મને બહુ કઠે છે. કેટલીકવાર તો એવાં વાહિયાત અને હાસ્યાસ્પદ બહાનાં ધરવામાં આવે કે તમને વિચાર આવે કે શું આ કોઈ કારણ હોઈ શકે?'

પોતાની સાથે બનેલા આવા જ એક કિસ્સાને યાદ કરતાં તાપસી જણાવે છે, 'મને એકવાર મુખ્ય હીરોના કહેવાથી પ્રોજેક્ટમાંથી પડતી મૂકવામાં આવી હતી, પણ નિર્માતાઓએ મને તેનું કોઈ સ્પષ્ટ કારણ નહોતું જણાવ્યું. જ્યારે કોઈ કારણ જ ન આપવામાં આવે ત્યારે તમારે માત્ર અટકળો જ લગાવવાની રહે છે. સાચું કારણ તો ભગવાન જાણે, પણ હું મનમાં જાતજાતની કલ્પનાઓ કરતી રહી - કદાચ તે એક્ટરને પોતાની ઈનસિક્યોરિટી નડતી હોય કે પછી હીરોની નજીકની કોઈ વ્યક્તિને મારો ડર લાગતો હોય! એક ફિલ્મમાંથી મને પડતી મૂકતી વખતે માત્ર એટલું જ કહેવામાં આવ્યું કે હીરો પોતે નથી ઈચ્છતો કે તું આ ફિલ્મમાં કામ કરે, કારણ કે હું મને દૂર કરવા પાછળનાં નક્કર કારણો સતત માગ્યા કરતી હતી.'

તે આગળ ઉમેરે છે, 'ત્યાર પછી મને જે ખુલાસો આપવામાં આવ્યો તે પચાવવો મારા માટે વધુ મુશ્કેલ હતો. મને ફિલ્મમાંથી હટાવવા માટેનું સૌથી વિચિત્ર કારણ એ અપાયું કે, 'હીરોની પત્નીને તું ગમતી નથી!' મને આજે પણ ખબર નથી કે હું શા માટે તેની પત્નીને પસંદ નહોતી.' અલબત્ત, તાપસીએ તે હીરો કે તેની પત્નીનું નામ જાહેર કરવાનો સ્મિત સાથે સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો.

'કલાકારો ભણેલા-ગણેલા હોતા નથી અને બીજો કોઈ વિકલ્પ ન હોવાથી તેઓ સિનેમામાં આવે છે' - આ માન્યતાને સાવ વાહિયાત ગણાવતાં એન્જિનીયરિંગ ગ્રેજ્યુએટ તાપસી કહે છે કે આજનો યુવાન શિક્ષિત છે અને સભાનપણે કારકિર્દી બનાવવા ફિલ્મલાઈનમાં ડગ માંડે છે. તે કહે છે, 'ઘણીવાર ફિલ્મમેકર્સ અમુક પ્રકારની ભૂમિકાઓ માટે એક ચોક્કસ કમ્ફર્ટ ઝોન ધરાવતા એક્ટર્સ પાસે જ દોડી જાય છે. જેમ કે, ગ્લેમરસ રોલ હોય તો તેમની પાસે પાંચ ચોક્કસ અભિનેત્રીઓની યાદી તૈયાર હોય છે... અને જો કોઈ સામાજિક કે ગંભીર વિષય આધારિત પાત્ર હોય, તો તેના માટે પણ બીજી પાંચ ચોક્કસ એક્ટ્રેસનું લિસ્ટ હોય છે. પરંતુ એક જ બીબાઢાળ પ્રકારનાં પાત્રો ભજવવાનું મને જરાય ફાવતું નથી. ઘણીવાર હું પોતે પણ સામે ચાલીને અમુક પ્રોજેક્ટ્સ છોડી દેવાનું પસંદ કરું છું. જો કોઈ પાત્ર જોતાં જ દર્શકને વાર્તાનો અંત સહેલાઈથી સમજાઈ જતો હોય, તો હું ડિરેક્ટરને સામેથી કહી દઉં છું કે મને આ ફિલ્મમાં કાસ્ટ ન કરશો, કારણ કે મારી હાજરી ફિલ્મ માટે હિતાવહ નથી.'

તાપસી પોતે આને એક સભાન 'ફિલ્ટર પ્રોસેસ' ગણાવે છે. જ્યારે વાર્તામાં પોતાનું પાત્ર અસરકારક ન લાગે કે પોતાની કારકિર્દી માટે જોખમી જણાય, ત્યારે તે બિન્ધાસ્તપણે 'ના' પાડી દે છે.

જોકે, તાપસી પન્નુ માટે શાહરુખ ખાન સાથેની ફિલ્મ 'ડંકી'નો અનુભવ સાવ વેગળો સાબિત થયો હતો. આ અંગે તે કહે છે, 'શાહરુખ ખાન જેવા ગ્લોબલ સુપરસ્ટાર સાથે 'ડંકી' કર્યા પછી પણ મને રૂઢિગત મેઈનસ્ટ્રીમ કમર્શિયલ ફિલ્મોની ઓફર્સનો ઢગલો થયો નથી. મારું સ્પષ્ટ માનવું છે કે કોમર્શિયલ સિનેમામાં માત્ર અભિનય ક્ષમતા કે ટેલેન્ટ પૂરતી નીવડતી નથી. ત્યાં કાસ્ટિંગ વખતે કલાકારની બોક્સ ઓફિસ માર્કેટ વેલ્યુ, સોશિયલ મીડિયા લોકપ્રિયતા અને ઈન્ડસ્ટ્રીનાં સમીકરણો જેવાં અનેક પરિબળો કામ કરતાં હોય છે. હું સ્વીકારું છું કે આમાંની ઘણી ગણતરીઓમાં હું બંધબેસતી નથી થતી અને મને જે પણ કામ મળે છે તે માત્ર મારી ટેલેન્ટના દમ પર જ મળે છે.'

'ડંકી'માં પોતાની પસંદગીનો શ્રેય ડિરેક્ટર રાજકુમાર હિરાણીને આપતાં તાપસી કહે છે, 'કેવળ ટેલેન્ટ જોઈને મેઈનસ્ટ્રીમ ફિલ્મમાં મુખ્ય અભિનેત્રી તરીકે કાસ્ટ કરવામાં આવે તેવું બહુ ઓછું બને છે. રાજુ હિરાણી જેવા વિઝનરી નિર્દેશક જો કોઈ એક્ટ્રેસને લેવાનું નક્કી કરે તો પછી તેઓ અન્ય કોઈ દબાણ સામે બાંધછોડ કરતા નથી. કમનસીબે આજે આવા નિર્દેશકોની સંખ્યા સાવ ઘટી ગઈ છે. સાચી વાત તો એ પણ છે કે આપણી મોટાભાગની મસાલા કમર્શિયલ ફિલ્મોમાં સ્ત્રી પાત્રો એટલાં સશક્ત લખાતાં જ નથી કે તેને ભજવવા માટે બહુ મોટી પ્રતિભાની જરૂર પડે.'

નિર્માત્રી તરીકે પણ સક્રિય એવી તાપસી કહે છે, 'મારી સીધી અને સરળ સમજ છે. કેટલીક ફિલ્મો થિયેટરમાં સમૂહમાં માણવા જેવી હોય છે, જ્યારે કેટલીક સંવેદનશીલ ફિલ્મો એકાંતમાં શાંતિથી જોવાની હોય છે. હવે માર્કેટિંગ પણ આ જ ગણતરી મુજબ થવા લાગ્યું છે. ઘણીવાર સર્જકોને એવો ભય પણ સતાવતો હોય છે કે જો ફિલ્મ થિયેટરમાં નહીં ચાલે તો પાછળથી ઓટીટી પ્લેટફોર્મ્સ પાસેથી પણ સારા ભાવ નહીં મળે. આવા સંજોગોમાં નુકસાનનું જોખમ ટાળવા માટે ફિલ્મને થિયેટરને બદલે સીધી જ ઓટીટી પર રિલીઝ કરી દેવામાં આવે છે.'

વેલ સેડ, તાપસી! ■

**'શાહરુખ ખાન જેવા ગ્લોબલ સુપરસ્ટાર સાથે 'ડંકી' કર્યા પછી પણ મને રૂઢિગત મેઈનસ્ટ્રીમ કમર્શિયલ ફિલ્મોની ઓફર્સનો ઢગલો થયો નથી. મારું સ્પષ્ટ માનવું છે કે કોમર્શિયલ સિનેમામાં માત્ર અભિનય ક્ષમતા કે ટેલેન્ટ પૂરતી નીવડતી નથી.'**

## પરિવાર માટે સ્ટારડમમાંથી બ્રેક લીધો

# કેટરીના કૈફ: માતૃત્વ, ગ્લેમર અને બિઝનેસની નવી ઈનિંગ્સ



બોલિવુડની ગ્લેમર ગર્લ કેટરીના કૈફનું નામ આવે એટલે આંખ સામે સુંદરતા, અનોખી સ્ટાઈલ, દમદાર ડાન્સ અને શાનદાર ફિલ્મી અંદાજની તસવીર ઊભરી આવે છે. રૂપેરી પડદા પર પોતાની વિશિષ્ટ અભિનય છટા અને આકર્ષક વ્યક્તિત્વથી કરોડો દિલો પર રાજ કરનારી કેટરીનાએ પોતાની ઓળખ માત્ર એક અદાકારા પૂરતી સીમિત ન રાખતાં, એક એન્ત્રપ્રિન્યોર તરીકે પણ પ્રસ્થાપિત કરી છે. અત્યારે તેની પ્રોફેશનલ કરિયર અને અંગત જીવન બંનેને લઈને ચાહકોમાં ભારે ઉત્સુકતા જોવા મળે છે. ખાસ કરીને માતૃત્વ સ્વીકાર્યા પછી પરિવારને સમય આપવાની તેની પ્રાથમિકતા અને તેની વ્યાવસાયિક સિદ્ધિઓ તેને કાયમ ચર્ચાના કેન્દ્રમાં રાખે છે.

**શરૂઆતમાં કેટરીનાને ઈન્ડસ્ટ્રીમાં ખૂબ સંઘર્ષ કરવો પડ્યો હતો, પરંતુ સતત પરિશ્રમ અને શીખવાની અદમ્ય ધગશના બળે તેણે ઈન્ડસ્ટ્રીમાં પોતાની સ્થિતિ અત્યંત મજબૂત બનાવી લીધી.**

હોંગકોંગમાં જન્મેલી કેટરીનાનું બાળપણ અનેક દેશોમાં પસાર થયું હતું. ત્યાર પછી લંડનમાં વિતાવેલા સમય દરમિયાન તેનો ઝુકાવ ફેશન અને મોડેલિંગ તરફ વધ્યો હતો. મોડેલિંગ ક્ષેત્રે સક્રિય રહીને તેણે આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કર્યું અને ત્યાંથી તેને ભારતીય ફિલ્મોમાં પ્રવેશવાની સોનેરી તક સાંપડી, જ્યાંથી તેની બોલિવુડ સફરનો આરંભ થયો. શરૂઆતના સમયમાં ભાષા, અભિનય અને ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીની કાર્યશૈલી સાથે તાલમેલ બેસાડવો તેના માટે ખાસ્સો પડકારજનક રહ્યો હતો, પરંતુ સતત પરિશ્રમ અને શીખવાની અદમ્ય ધગશના બળે તેણે ઈન્ડસ્ટ્રીમાં પોતાની સ્થિતિ અત્યંત મજબૂત બનાવી લીધી.

'નમસ્તે લંડન', 'સિંઘ ઈઝ કિંગ', 'એક થા ટાઈગર', 'ધૂમ ૩', 'ટાઈગર ઝિંદા હૈ' અને 'ભારત' જેવી બ્લોકબસ્ટર ફિલ્મોએ કેટરીનાને લોકપ્રિયતાની નવી ઊંચાઈએ પહોંચાડી. સલમાન ખાન અને અક્ષયકુમાર જેવા સુપરસ્ટાર્સ સાથેની તેની સ્ક્રીન કેમેસ્ટ્રીએ દર્શકોને ઘેલું લગાડ્યું, જ્યારે 'જબ તક હૈ જાન' અને 'ઝીરો' જેવી ફિલ્મોમાં તેણે સંવેદનશીલ અને પડકારરૂપ ભૂમિકાઓ ભજવી જાણી. 'ટાઈગર ૩'માં તેના હાઈ-ઓક્ટેન એક્શન અવતારે પણ દર્શકોને ખાસ્સા પ્રભાવિત કર્યા હતા. આઈકોનિક ગીતો પર તેની અદ્ભુત ડાન્સિંગ ટેલેન્ટ અને કેમેરા સામેની સ્ક્રીન પ્રેઝન્સ આજે પણ તેની સૌથી મોટો પ્લસ પોઈન્ટ ગણાય છે.

જોકે કેટરીનાની સફળતાની ગાથા માત્ર રૂપેરી પડદા પૂરતી અટકી નથી. વર્ષ ૨૦૧૯માં તેણે નાયકા સાથે મળીને પોતાની કોસ્મેટિક બ્રાન્ડ 'કે બ્યુટી' લોન્ચ કરી હતી. આ સાહસ થકી તેણે સાબિત કરી બતાવ્યું કે એક સુપરસ્ટાર તરીકે મળેલી લોકપ્રિયતાને વ્યાવસાયિક જગતમાં પણ કુશળતાપૂર્વક પરિવર્તિત કરી શકાય છે.

કેટરીનાના આવકના સ્રોતોમાં ફિલ્મો ઉપરાંત ટેલિવિઝન જાહેરાતો, બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ્સ, સ્ટેજ ઈવેન્ટ્સ અને તેનો આ સફળ બ્યૂટી બિઝનેસ મુખ્ય છે. વિવિધ મીડિયા અહેવાલો મુજબ તેની અંદાજિત નેટવર્થ આશરે રૂ. ૨૨૪ કરોડથી રૂ. ૨૬૭ કરોડ વચ્ચે આંકવામાં આવે છે. જોકે આ આંકડાઓ ટ્રેડ એનાલિસ્ટ્સના અંદાજ પર આધારિત છે અને કેટરીના કે તેની ટીમે ક્યારેય તેની સત્તાવાર પુષ્ટિ કરી નથી. તેમ છતાં, તેની વ્યાવસાયિક સદ્ધરતા એ વાતની સાક્ષી પૂરે છે કે દીર્ઘદ્રષ્ટિપૂર્ણ આયોજન અને પોતાના વિઝનમાં વિશ્વાસ હોય તો ફિલ્મ સ્ટારડમને દીર્ઘકાલીન બિઝનેસ એમ્પાયરમાં ફેરવી શકાય છે.

અંગત જીવનની વાત કરીએ તો, લોકપ્રિય અભિનેતા વિકી કૌશલ સાથેનાં લગ્ન પછી કેટરીનાના જીવનમાં એક અત્યંત સુંદર અધ્યાય શરૂ થયો. આ જોડી ચાહકોમાં અપાર સ્નેહ અને આદર ધરાવે છે. પરિવાર સાથે ગુણવત્તાસભર સમય વિતાવવાની તેની પસંદગી અને અંગત પળોને બિનજરૂરી લાઈમલાઈટથી દૂર રાખવાનો તેનો અભિગમ ખૂબ પ્રશંસનીય રહ્યો છે. માતૃત્વ બાદ મહિલાના શરીરમાં થતા કુદરતી અને શારીરિક ફેરફારોને લઈને સોશિયલ મીડિયા પર થતી અણછાજતી ટિપ્પણીઓએ ફરી એકવાર બોડી શેમિંગની વરવી માનસિકતા ખુલ્લી પાડી છે. માતૃત્વ કોઈ સ્પર્ધા નથી અને દરેક મહિલાની શારીરિક તેમજ માનસિક સફર તદ્દન નોખી હોય છે.

આજે કેટરીના કૈફના ચાહકો તેના આગામી પ્રોજેક્ટ્સની આતુરતાથી રાહ જોઈ રહ્યા હોય છે. ખાસ કરીને 'જિંદગી ના મિલેગી દોબારા'ની સ્પિરિચ્યુઅલ સિક્વલ 'જી લે જરા'. 'જિંદગી...'માં ત્રણ હીરો દોસ્તારો રોડ ટ્રિપ પર નીકળે છે, 'જી લે જરા'માં ત્રણ હિરોઈન બહેનપણીઓ - કેટરીના, પ્રિયંકા ચોપડા અને આલિયા ભટ્ટ - રોડ ટ્રિપ પર નીકળશે. હાલ તો આ ત્રણેય જણીયું પોતાનો મમ્મી તરીકેનો રોલને સૌથી વધારે મહત્ત્વ આપી રહી છે. જોઈએ, 'જી લે જરા' ક્યારે બને છે. ■

# અજય દેવગન: હોલિવુડ કરતા બોલિવુડમાં ફિલ્મો બનાવવી વધુ અઘરી છે!

હમણાં યુટ્યુબ પર નાના પાટેકરના ઈન્ટરવ્યુની એક ક્લિપ જોઈ. એમાં નાના એવું કહે છે કે અજય દેવગન એકદમ સિક્યોર્ડ એક્ટર છે. એને કદી પોતાનો સાથી કલાકાર કોઈ સીનમાં એના પર છવાઈ જશે એવો ડર સતાવતો નથી. અજય ફક્ત પોતાની કાબેલિયત પર મદાર રાખે છે. પાટેકર કોઈ કલાકારને આ રીતે બિરદાવે ત્યારે એમાં પૂરેપૂરી સચ્ચાઈ હોવાની, કારણ કે તેઓ સામાન્યપણે કોઈને સારું લગાડવા ખોટી પ્રશંસા કરતા નહોતા.

દેવગન હાલ 'દ્રશ્યમ' ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ 'દ્રશ્યમ ૩'ની રિલીઝને લઈને સમાચારમાં છે. ત્રણ દાયકાથી વધુ લાંબી કારકિર્દી ધરાવતા આ એક્ટરે તાજેતરમાં મુંબઈ ખાતે યોજાયેલી 'ફિક્કી ફ્રેમ્સ, ૨૦૨૬'ની વિચારગોષ્ઠિમાં હિન્દી સિનેમા વિશે પોતાના વિચારો રજૂ કરીને દર્શકો ઉપરાંત બોલિવુડના એક્ટર્સ, ટેકનિશિયન્સ, ફિલ્મમેકર્સ અને રાઈટર્સ તમામને વિચારતા કરી દીધા હતા.

અજય દેવગન કહે છે, 'પ્રાદેશિક સિનેમા હોય કે હોલિવુડ, બાકીના ક્ષેત્રોની તુલનામાં હિન્દી ફિલ્મો બનાવવી ઘણી વધુ મુશ્કેલ છે. હું અન્ય સિનેમાને સહેજેય ઓછું આંકવા નથી માગતો. આમ તો પ્રાદેશિક હોય કે ઈન્ટરનેશનલ, ફિલ્મ મેકિંગ દરેક જગ્યાએ એક જટિલ પ્રક્રિયા છે. પરંતુ મને લાગે છે કે હિન્દી ફિલ્મો બનાવવી વધુ અઘરી છે. તેનું સૌથી મોટું કારણ એ છે કે તમારું ટાર્ગેટ ઓડિયન્સ કોણ છે એની તમને સ્પષ્ટ ખબર જ હોતી નથી. તમે પ્રેક્ષકોના કયા ચોક્કસ વર્ગ માટે ફિલ્મ બનાવી રહ્યા છો એ વિશે તમે ઘણીવાર અજાણ રહો છો. જ્યારે કોઈ મરાઠી, પંજાબી, તમિલ કે તેલુગુ ફિલ્મ બનાવે છે ત્યારે તેને પોતાના ચોક્કસ પ્રેક્ષકવર્ગનો પાકો ખ્યાલ હોય છે. જ્યારે હિન્દી ફિલ્મો બહોળા વિસ્તારમાં રજૂ થાય છે અને આપણા દેશમાં દર પાંચ ગામે બોલી, રુચિ અને વિચારો બદલાઈ જાય છે.'

અજયે 'રેડ', 'દ્રશ્યમ' અને 'ગોલમાલ' જેવી કેટલીક સુપરહિટ ફ્રેન્ચાઈઝીની સિક્વલ્સમાં કામ કર્યું છે અને તેની મોટાભાગની સિક્વલ્સ બોક્સ ઓફિસ પર ટંકશાળ પાડી ચૂકી છે. જેને કારણે બોલિવુડમાં સિક્વલ્સ બનાવવાની હોડ જામી છે. એ સંદર્ભમાં પોતાનું તાર્કિક નિરીક્ષણ મૂકતાં આ ૫૭ વર્ષીય વેટરન એક્ટર કહે છે, 'મારું દ્રઢપણે માનવું છે કે સિક્વલ્સ નહીં પણ તેનાં પાત્રો ચાલે છે. તમે કોઈ પણ સફળ સિક્વલ જોઈ લો, પછી તે 'ગોલમાલ' હોય કે 'સિંઘમ' - એમાં ગોપાલ અને બાજીરાવ સિંઘમ જેવાં પાત્રો દર્શકોના દિલમાં વસ્યા છે. જ્યારે દર્શકો પાત્રો સાથે ભાવનાત્મક રીતે જોડાય છે ત્યારે જ તમે સફળ સિક્વલ બનાવી શકો છો. ઓરિજિનલ ફિલ્મ કમાલની હતી માત્ર એ જ કારણસર તમે આગળનો ભાગ ન બનાવી શકો. ટૂંકમાં, પ્રેક્ષકોને તેનાં પાત્રો સાથે આત્મીય લગાવ હોવો જોઈએ.'

**'મારી એક્શન ફિલ્મો ભલે વખણાઈ હોય પણ એમાં સ્ટંટ કરવાની અસર હવે મારા શરીર પર વર્તાઈ રહી છે. રોજ સવારે ઉઠું ત્યારે મારાં હાડકાં તૂટતાં હોય છે, પીડા થતી હોય છે.'**



દેવગન આગળ ઉમેરે છે, 'અમે સિનેમામાં કોઈ મોટો બદલાવ લાવી રહ્યા છીએ કે નવો દ્રષ્ટિકોણ આપી રહ્યા છીએ એવું મને જરાય નથી લાગતું. અમે તો બસ દર્શકોના બદલાતા વિચારો સાથે કદમ મિલાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. લોકડાઉનના લાંબા ગાળા દરમિયાન લોકોએ ઘરમાં બેસીને ઈન્ટરનેશનલ તેમજ દરેક પ્રાદેશિક ભાષાનું શ્રેષ્ઠ કન્ટેન્ટ જોયું છે. કોવિડ કાળ પૂરો થયા બાદ પરિસ્થિતિ સામાન્ય થઈ અને અમે ફરી ફિલ્મો રિલીઝ કરવાનું શરૂ કર્યું ત્યારે સમજાયું કે પ્રેક્ષકો તો અમારા કરતાં ઘણા આગળ નીકળી ગયા છે. હવે આપણે એમની વિચારસરણી સાથે તાલ મિલાવવો પડશે. દર્શકો વધુ સજાગ અને સમજુ બન્યા હોવાથી અમારે પણ સતત ગુણવત્તા સુધારવી પડશે.' ■



## એમ્મા રોબર્ટ્સે નવા અંદાજમાં શરૂ કરી પ્રેમભરી સફર

હોલિવુડ અભિનેત્રી એમ્મા રોબર્ટ્સે તાજેતરમાં પોતાના પ્રેમી અને અભિનેતા કોડી જોન સાથે લગ્ન કરીને ચાહકોને એક મનમોહક સરપ્રાઇઝ આપી છે. નજીકના સ્વજનોની હાજરીમાં યોજાયેલા આ અંગત સમારોહમાં વચનોના આદાનપ્રદાન અને પ્રેમભર્યા ચુંબને વાતાવરણને જાદુઈ બનાવી દીધું હતું. સૌથી હૃદયસ્પર્શી ક્ષણ એ હતી જ્યારે એમ્મા પોતાના પુત્રનો હાથ પકડીને મંડપ તરફ આગળ વધી હતી. તેણે સોશિયલ મીડિયા પર તસવીરો શેર કરતાં માત્ર એક શબ્દ લખ્યોથ 'હિચ્ડ'.

ફેશન બાબતે ટ્રેન્ડસેટર રહેલી એમ્મા શિફોન વેડિંગ ગાઉન, મેચિંગ હેડબેન્ડ અને થાઈ-હાઈ સ્લિટ સાથે પરીકથા જેવી સુંદર લાગતી હતી, જ્યારે કોડી જોન ક્લાસિક બ્લેક ટક્સીડોમાં ડેશિંગ દેખાતો હતો. ઓગસ્ટ ૨૦૨૨થી એકબીજાને ડેટ કરી રહેલા આ કપલે જુલાઈ ૨૦૨૪માં સગાઈ કરી હતી અને ૨૫ જુલાઈએ લગ્નગ્રંથિથી જોડાઈ ગયા હતા.

વ્યાવસાયિક મોરચે પણ એમ્મા એટલી જ સફળ રહી છે. ફિલ્મ 'બ્લો'થી શરૂઆત કરીને નિકલોડિયનની સિરીઝ 'અનફેબ્યુલસ' દ્વારા ટીનેજ આઈકોન બનેલી એમ્માએ 'એક્વામરીન', 'વાઈલ્ડ ચાઈલ્ડ', 'સ્ક્રીમ ૪', 'વી આર ધી મિલર્સ', 'પાલો અલ્ટો', 'નર્વ', 'હોલિડેટ' અને સુપરહીરો ફિલ્મ 'મેડમ વેબ' જેવી વૈવિધ્યસભર ફિલ્મો આપી છે.

તાજેતરમાં તે નેટ સ્મિથની સ્ટોપ-મોશન ફેન્ટસી ફિલ્મ 'સૌરસ સિટી'માં જોવા મળી હતી, જ્યાં તેના કામની ભારે પ્રશંસા થઈ હતી. હવે તે એક રહસ્યમય એક્ટિંગ વર્કશોપ પર આધારિત આગામી ફિલ્મ 'ધી ટેકનિક'માં મુખ્ય ભૂમિકા ભજવતી જોવા મળશે. એક તરફ લગ્નજીવનની સુંદર શરૂઆત અને બીજી તરફ નવા પ્રોજેક્ટ્સ સાથે એમ્મા હાલ પોતાની જિંદગીના સુવર્ણ તબક્કાને માણી રહી છે.સોપાન, એમ્મા રોબર્ટ્સ અત્યારે પોતાની જિંદગીના સૌથી શ્રેષ્ઠ અને સુવર્ણ તબક્કાનો સંપૂર્ણ આનંદ માણી રહી છે. ■

## કેન્ડલ જેનર અને જેકબ એલર્ડીનું ઈલુ ઈલુ

સુપરમોડેલ કેન્ડલ જેનર અને અભિનેતા જેકબ એલર્ડીની કથિત રિલેશનશિપ હાલમાં હોલિવુડમાં ભારે ચર્ચાનો વિષય બની છે. આંતરરાષ્ટ્રીય ફેશન જગતમાં અગ્રણી નામ ધરાવતી કેન્ડલ અને 'યુફોરિયા' જેવી લોકપ્રિય સિરીઝથી જાણીતા બનેલા જેકબ વચ્ચેની નિકટતાએ ચાહકોમાં નવી અટકળોને જન્મ આપ્યો છે.

Hollywood CORNER

તાજેતરમાં લંડનની જાણીતી ચાઈના ટેન્ગ રેસ્ટોરન્ટમાં રોમેન્ટિક ડિનર ડેટ બાદ બંને હાથમાં હાથ પરોવીને જોવા મળ્યા હોવાના અહેવાલોથી આ ચર્ચા વધુ તેજ બની છે. આ ઉપરાંત એવી પણ અટકળો ચાલી રહી છે કે શું બંને સાથે રહેવાની તૈયારી કરી રહ્યા છે? વાસ્તવમાં જેકબ હોલિવુડ હિલ્સમાં ભાડાના મકાનમાં રહેતો હતો, પરંતુ મકાનમાલિકે એ મિલકત વેચી દેતાં તેણે નવું ઘર શોધવું પડ્યું હતું અને તે દરમિયાન તે કેન્ડલના ઘરે રોકાયો હતો.

જોકે, સૂત્રોના જણાવ્યા પ્રમાણે બંને વચ્ચે બધું સરસ ચાલી રહ્યું હોવા છતાં તેઓ સાથે રહેવા કે નવું ઘર ખરીદવા બાબતે કોઈ ઉતાવળ કરી રહ્યા નથી. કેન્ડલે તેને કેટલીક પ્રોપર્ટીઝ જોવામાં મદદ જરૂર કરી હતી, પરંતુ સાથે રહેવાનો કોઈ સત્તાવાર નિર્ણય લીધો નથી. તેવી જ રીતે બંને લગ્નની શક્યતા વિચારી રહ્યા હોવાના દાવા પણ માત્ર અફવાઓ છે, કારણ કે બંને તરફથી આવી કોઈ પુષ્ટિ થઈ નથી.

પોપ્યુલર રિયાલિટી શો 'ધી કારદર્શિયાન્સ' દ્વારા અંગત જીવનથી ચર્ચામાં રહેતી કેન્ડલ અને ફિલ્મી દુનિયામાં ઝડપથી આગળ વધી રહેલા જેકબ પોતાના સંબંધને શાંતિથી આગળ વધારી રહ્યા છે. હાલ પૂરતું આ સંબંધ માત્ર ડેટિંગ સુધી સીમિત રહે છે કે ભવિષ્યમાં કોઈ ગંભીર વળાંક લે છે, તેના પર સૌની નજર રહેશે. ■



# કરીના કપૂરથી આલિયા ભટ્ટ : ફિલ્મના પાત્રમાં પોતાની સાંસ્કૃતિક પરંપરાની ઝલક



હિન્દી ફિલ્મોમાં ભારતીય સંસ્કૃતિનું એક કે બીજી રીતે દર્શન થાય છે. અમુક ફિલ્મમાં ગુજરાતી નવ રાત્રિ ઉત્સવ અનેરાસ -ગરબા હોય તો કોઈક ફિલ્મમાં પંજાબી ભાંગડા હોય. કોઈ ફિલ્મમાં મહારાષ્ટ્રની લોક સંસ્કૃતિનો થનગનાટ જોવા મળે તો અમુક ફિલ્મમાં દક્ષિણ ભારતની ગ્રામ સંસ્કૃતિનાં દર્શન હોય છે. ખાસ કરીને તે કલાકાર પોતે જે સંસ્કૃતિનો અને પરિવારનો હોય તેની ઝલક પોતાના પાત્રમાં પણ જોવા મળે છે.

આશ્ચર્યની બાબત તો એ છે કે આવી ફિલ્મોનાં કલાકારના અભિનયમાં , સંવાદની ભાષામાં અને પહેરવેશમાં આ બધાં રાજ્યોની સંસ્કૃતિની આબેહૂબ ઝલક જોવા મળે છે.

બોલીવુડની કરીના કપૂર, શ્રદ્ધા કપૂર, દીપિકા પાદૂકોણ, અદિતી રાય હૈદરી વગેરેએ તેમની ફિલ્મમાં પંજાબ, મહારાષ્ટ્ર, તામિલનાડુ, હૈદરાબાદની બોલી, પહેરવેશ, ભોજન વગેરેને પડદા પર દર્શાવ્યાં છે.

હિન્દી ફિલ્મ જગતની મહેનતુ અને સફળ અભિનેત્રી શ્રદ્ધા કપૂરે તેની નવી ઈથા ફિલ્મમાં મહારાષ્ટ્રની તમાશા અને લાવણી લોકનૃત્યની આલા દરજ્જાની નૃત્યાંગના વીઠાબાઇ નારાયણગાંકરની ભૂમિકા ભજવી છે. ઈથા ફિલ્મ ૨૦૨૬ની ૪, ડિસેમ્બરે રજૂ થાય તેવી શક્યતા છે.

મહારાષ્ટ્રમાં તમાશા પારંપારિક લોક નાટ્ય સાથે નૃત્ય છે, જ્યારે લાવણી સંગીતમય લોકનૃત્ય છે. શ્રદ્ધા કપૂરે પોતાના વીઠાબાઇ નારાયણગાંકરની ભૂમિકાને પડદા પર જીવંત બનાવવા માટે તમાશા અને લાવણી બંને પરંપરા જાણવા -શીખવા ભરપૂર મહેનત કરી છે. સાથોસાથ વીઠાબાઇ નારાયણગાંકરના જીવનને પણ આત્મસાત કરવા પ્રયાસ કર્યો છે.



આમ પણ શ્રદ્ધા કપૂરની માતા શિવાંગી કોલ્હાપુરે (શિવાંગી કોલ્હાપુરે એટલે હિન્દી ફિલ્મોની પ્રતિભાવાન અભિનેત્રી પદ્મિની કોલ્હાપૂરેની સગી બહેન) મહારાષ્ટ્રનાં છે. એટલે સ્વાભાવિક રીત જ શ્રદ્ધાના જીવનમાં પણ મરાઠી સંસ્કૃતિની અસર હોય. શ્રદ્ધા કપૂર મરાઠી ભાષા કડકડાટ બોલે છે. કહેવાનો અર્થ એ છે કે ઈથા ફિલ્મમાં શ્રદ્ધા કપૂરના વીઠા બાઇ નારાયણગાંકરની ભૂમિકામાં પોતાના પારિવારિક સાંસ્કૃતિક મૂલ્યોનાં દર્શન થાય છે.

કરીના કપૂરે તેની સુપરહીટ ફિલ્મ જબ વી મેટ (૨૦૦૭)માં ગીત ધિલ્લોન નામની પંજાબી યુવતીનું પાત્ર ભજવ્યું છે. ફિલ્મમાં ગીત ધિલ્લોન પંજાબના ભટીંડા શહેરની ખુશમિજાજ અને મસ્ત મોજીલી છોકરી છે. હવે કરીના કપૂર ખુદ પંજાબી પરિવારની દીકરી છે. કરીના કપૂરના પર દાદા એટલે હિન્દી રંગમંચના અને હિન્દી ફિલ્મોના મોટાગજાના અભિનેતા પૃથ્વી રાજ કપૂર, જ્યારે દાદા મહાન ફિલ્મ સર્જક રાજ કપૂર છે. કરીનાના પિતા રણધીર કપૂર છે.

હવે કરીના કપૂરે જબ વી મેટ ફિલ્મમાં પંજાબી યુવતીની જ ભૂમિકા ભજવી છે ત્યારે તેના પાત્રમાં એક કે બીજી રીતે પંજાબની ધીંગી, થનગનતી, હરિયાળી સંસ્કૃતિનાં દર્શન થાય એ તો સહજ છે. સરળ રીતે સમજીએ તો ગીત ધીલ્લોનની બોલી, પહેરવેશ, ગીત-સંગીત, નૃત્ય, ખાન-પાન વગેરેમાં પંજાબની સાંસ્કૃતિક પરંપરા છલકે છે. આમ આ ફિલ્મમાં કરીના કપૂરની ખુદની પંજાબી કુટુંબની પરંપરા અને તેની ભૂમિકા બંનેનો મજેદાર સંગમ થયો છે.

દીપિકા પાદૂકોણે પણ ચેન્નાઇ એક્સપ્રેસ (૨૦૧૩) ફિલ્મમાં મીનામ્મા નામની તમિળ યુવતીનું પાત્ર ભજવ્યું છે. દીપિકા પાદૂકોણનો જન્મ કર્ણાટકના કોંકણી ભાષી કુટુંબમાં થયો છે. જોકે ફિલ્મમાં દીપિકાની મીનામ્માની ભૂમિકા તમિળ યુવતી છે.આમ છતાં દીપિકા પાદૂકોણે દક્ષિણ ભારતની સંસ્કૃતિથી ઘણા અંશે વાકેફ હોવાથી તેણે તેના મીનામ્માના પાત્રને ઘણો સારો ન્યાય આપ્યો છે. એટલે કે દીપિકા પાદૂકોણે તેના મીનામ્માની પાત્રમાં તમિળ ભાષાના ઉચ્ચાર, લહેકો, પહેરવેશ, નૃત્ય વગેરે પાસાં બહુ જ અસરકારક રીતે રજૂ કર્યાં છે.

અદિતી રાવ હૈદરીએ પણ લસ્ટ સ્ટોરીઝ - ૩ (૨૦૨૬) ફિલ્મમાં સાયરા નામની હૈદરાબાદી યુવતીનું પાત્ર ભજવ્યું છે. અદિતી રાવ હૈદરીનો જન્મ આંધ્ર પ્રદેશના હૈદરાબાદના તૈયબજી - હૈદરી પરિવારમાં થયો છે. મહત્વની બાબત તો એ છે કે ખુદ અદિતી રાવ હૈદરીના પરિવારને હૈદરાબાદના જૂના નિઝામ શાસન સાથે ગઢ સંબંધ રહ્યો છે. અદિતીના પરદાદા નિઝામના રાજ્યમાં પ્રધાનમંત્રી રહ્યા હોવાનો સંદર્ભ પણ મળે છે. આમ અદિતી રાવ હૈદરી આંધ્ર પ્રદેશની અને ખાસ કરીને હૈદરાબાદ શહેરની સંસ્કૃતિથી વાકેફ હોય તે સ્વાભાવિક છે.

આમ અદિતી રાવ હૈદરીએ તેની લસ્ટ સ્ટોરીઝ : ૩ ફિલ્મની સાયરાની ભૂમિકાને સારો અને ન્યાય આપ્યો હોય તે સહજ છે.

આલિયા ભટ્ટે પણ ગંગુબાઇ કાઠિયાવાડી (૨૦૨૨) ફિલ્મમાં ગંગુબાઇ કાઠિયાવાડીનું જબરું પાત્ર ભજવ્યું છે. ગંગુબાઇની ભૂમિકાનો સંદર્ભ ગુજરાતના કાઠિયાવાડ (જેને સૌરાષ્ટ્ર પણ કહેવાય છે) વિસ્તાર સાથે રહ્યો છે.

આલિયા ભટ્ટના કુટુંબને પણ ગુજરાતના કાઠિયાવાડ સાથે સંબંધ રહ્યો છે. આલિયાના દાદા અને હિન્દી ફિલ્મ જગતની જૂની પેઢીના જાણીતા નિર્માતા - દિગ્દર્શક નાનાભાઇ ભટ્ટ પોતે ગુજરાતના પોરબંદરના નાગર પરિવારના હતા. હા, આલિયા ભટ્ટના અંગત જીવનને ગુજરાતના કાઠિયાવાડ સાથે કોઇ સંબંધ નથી.આમ છતાં તેના પરિવારનાં મૂળ કાઠિયાવાડ સાથે જરૂર જોડાયેલાં છે.

આ દ્રષ્ટિએ આલિયા ભટ્ટના ગંગુબાઇ કાઠિયાવાડીના પાત્ર સાથેનો ગુજરાતના કાઠિયાવાડની સાંસ્કૃતિક પરંપરા સાથે સંબંધ રહ્યો છે. ■

# અલાયા એફ: આદુ ખાઈને પડી છે '૭૫ હાર્ડ ફિટનેસ' પાછળ



'ફિટનેસ ચેલેન્જે મને માનસિક સ્પષ્ટતા આપી. તમારું મગજ સારી રીતે કામ કરતું હોય ત્યારે તમે તમારી પૂરી ક્ષમતાથી કાર્યરત રહી શકો. જ્યારે તમે તમારા મનની વાત સ્પષ્ટપણે સાંભળીને તેને અનુસરો છો ત્યારે તમારા નિર્ણયો મોટેભાગે ખોટા પડતા નથી.'

અભિનેત્રી અલાયા એફ છેલ્લા બે વર્ષથી ૭૦ એમએમના પડદા પર નથી દેખાઈ. પણ રખે માની લેતાં કે તે નિરાંતે પલાંઠી વાળીને બેસી રહી છે. બે વર્ષમાં એકેય ફિલ્મ ન કરવા છતાં તે નવરી નથી પડી. અલાયા કહે છે કે હકીકતમાં મારા આ બે વર્ષ અતિવ્યસ્ત ગયા છે. તેની આ વાત સાંભળીને સહેજે કુતૂહલ થાય કે અદાકારા કયા કામમાં ગળાડૂબ છે? અભિનેત્રી આ પ્રશ્નનો જે ઉત્તર આપે છે તે કોઈનું પણ જીવન બદલી નાખી શકે છે, બલ્કે કેટલાંકના જીવનમાં બદલાવ આવી પણ રહ્યો છે.

અલાયા કહે છે કે આ બે વર્ષમાં હું તન- મનથી સમૃધ્ધ થઈ છું. મેં હાર્ડ ફિટનેસ ચેલેન્જના સંખ્યાબંધ રાઉન્ડ પૂરાં કરી લીધાં છે અને હવે ૧૧૮ હાર્ડ ચેલેન્જ હાથ ધરવા કટિબધ્ધ છું. તે પોતાની વાત વ્યવસ્થિત રીતે સમજાવતાં કહે છે કે મેં છેલ્લા ત્રણ વખત આ ૭૫ હાર્ડ ફિટનેસ ચેલેન્જ કર્યા પછી તેની ગણતરી માંડી તો મને ખ્યાલ આવ્યો કે તેમાં વર્ષનાં ૧૧૮ દિવસ ખૂટે છે, તેથી મેં આ સંખ્યા પકડીને ૧૧૮ હાર્ડ ચેલેન્જ શરૂ કરવાનો નિર્ધાર કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે '૭૫ હાર્ડ' એટલે લાગલગાટ ૭૫ દિવસ સુધી કરવામાં આવતાં ફિટનેસને લગતાં પાંચ ટાસ્ક. આ ટાસ્ક જે તે વ્યક્તિને માત્ર શારીરિક ફિટનેસ નથી બક્ષતા, બલ્કે માનસિક રીતે દ્રઢ બનાવવા સાથે શિસ્તબધ્ધ જીવનશૈલી કેળવવામાં પણ સહાયક બને છે અને આયા હવે આ કાર્યો અવિરતપણે ૧૧૮ દિવસ સુધી કરવા કટિબધ્ધ થઈ છે. અભિનેત્રી કહે છે કે મેં પહેલી વખત આ ટાસ્ક સફળતાપૂર્વક પાર પાડયું ત્યારે મારી માનસિક દ્રઢતા જોઈને હું પોતે અચંબામાં પડી ગઈ હતી અને હવે મને તેનો ચસકો લાગી ગયો છે. હવે ૧૧૮ દિવસ સુધી આ અઘરાં ટાસ્ક કર્યા પછી મારા તન- મન- મગજ પર તેનો શો પ્રભાવ પડે છે તે જોવા હું ઉત્સુક છું.

મઝાની વાત એ છે કે અલાયાને જોઈને અન્ય કેટલાંક લોકોને પણ આ ફિટનેસ ટાસ્ક કરવાની પ્રેરણા મળી હતી. તેમણે અલાયાને તત્સંબંધી થયેલા શારીરિક- માનસિક ફાયદાઓ ગણાવતાં સંદેશા મોકલ્યાં ત્યારે તેમની પ્રેરણામૂર્તિ સ્વયં તેમની પાસેથી પ્રેરિત થઈ.

જોકે અહીં એવો પ્રશ્ન થવો સહજ છે કે એક પણ દિવસની રજા પાડ્યા વિના રોજેરોજ આવા ટાસ્ક કરતી રહેતી અલાયાને કોઈ વાર- તહેવાર ઉજવવાનું મન નહીં થતું હોય? આના જવાબમાં અલાયા કહે છે કે મેં પહેલી વખતે ૭૫ હાર્ડ ચેલેન્જ કર્યાં ત્યારે નવું વર્ષ આવ્યું હતું. બીજી વખત ખાસ કોઈ તહેવાર નહોતો આવ્યાં. જ્યારે ત્રીજી વખત દિવાળી અને લગ્નસરા હતાં. પરંતુ મેં અડગ રહીને મારી ૭૫ હાર્ડ ચેલેન્જ પૂરી કરી અને આગામી ૧૧૮ દિવસ દરમિયાન મારા જન્મ દિવસ સહિત અન્ય તહેવારો પણ આવી રહ્યાં છે. જો તમે ઉત્સવો ઉજવવાના પ્રલોભનો પાર કરી લો તો જ આવાં ટાસ્ક કરવાનો કોઈ અર્થ સરે છે. શારીરિક- માનસિક સ્વાસ્થ્ય કેળવવા સાથે શિસ્તબધ્ધ જીવન જીવવાની ટેવ પાડવા આટલો ભોગ આપવો જ રહ્યો. આ ફિટનેસ ચેલેન્જે મને માનસિક સ્પષ્ટતા બક્ષી અને જ્યારે તમારું મગજ સારી રીતે કામ કરતું હોય ત્યારે તમે તમારી પૂર્ણ ક્ષમતાથી કાર્યરત રહી શકો. તમારા મનની વાત સ્પષ્ટપણે સાંભળી શકો અને જ્યારે તમે તમારી ભીતરના અવાજને અનુસરો ત્યારે તમારા નિર્ણયો ખોટાં ન પડે.

અલાયાને પોતાની શારીરિક- માનસિક સ્વસ્થતા કેળવવા આપવા પડેલા બે વર્ષ લેખે લાગ્યા હોવાથી તે બહુ ખુશ છે. તે કહે છે કે વર્ષ ૨૦૨૪માં મારી ફિલ્મ 'શ્રીકાંત' આવી હતી અને તાજેતરમાં આ સિનેમાની સર્વશ્રેષ્ઠ હિન્દી ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત થયો. આ ફિલ્મની સમગ્ર ટીમે તેમાં પોતાનું ઉત્તમ પ્રદાન કર્યું તેનાં મીઠાં ફળ અમને બધાને મળ્યા. અમારા માટે અનાથી વધુ ગર્વની વાત બીજી કઈ હોઈ શકે? તો શું હવે એમ માની લેવું કે આગામી સમયમાં પણ અભિનેત્રી ફિટનેસની પાછળ જ આદુ ખાઈને પડી રહેશે? આના જવાબમાં અલાયા કહે છે ના, હમણાં ગોપનીય રીતે મારા કામની વાતચીત ચાલી રહી છે. હજી સુધી તેની અધિકૃત ઘોષણા નથી થઈ તેથી લોકો તેનાથી અજાણ છે. મને આશા છે કે ટૂંક સમયમાં તેની જાહેરાત થશે અને આ બે વર્ષમાં મેં મારા જીવનમાં જે શિસ્ત કેળવ્યું છે તે મને આગામી સમયમાં ખપ લાગશે એ વાત ચોક્કસ. ■

# હાલ ચાલ ઠીક ઠાક હૈ, સબ કુછ ઠીક ઠાક હૈ....

આ જે વાતનો ઉપાડ રેપ સોંગ જેવા એક ગીતથી કરીએ. 'હાલ ચાલ ઠીક ઠાક હૈ, સબ કુછ ઠીક ઠાક હૈ, બી.એ. કિયા હૈ, એમ. એ. કિયા હૈ, લગતા હૈ વો ભી ઐસે વૈસે કિયા હૈ, કામ નહીં હૈ વર્ના, આપ કી દુઆ સે યહાં સબ ઠીક ઠાક હૈ, આબ-ઓ-હવા દેશ કી બહુત સાફ હૈ, કાયદા હૈ, કાનૂન હૈ, ઈન્સાફ હૈ, અલ્લાહ મિયાં જાને કોઇ જીયે કોઇ મરે, આદમી કો ખૂન બૂન સજા માફ હૈ, ઔર ક્યા કહું, છોટી

**સિનેમેજિક**
**અજિત પોપટ**

મોટી ચોરીયાં, રિશ્વતખોરી દેતી હૈ, અપના ગુજારા યહાં, આપ કી દુઆ સે બાકી ઠીક ઠાક હૈ...' ગીત તો ખાસ્સું લાંબું છે. ગીતના બે રૂપાંતર છે. તેજાબી કટાક્ષથી ભરપુર શબ્દો છે. કવિ કે ગીતકાર ભવિષ્યદ્રષ્ટા હોય એવું કહેવાય છે. છેક ૧૯૭૦-૭૧માં લખાયેલા આ ગીતના શબ્દો આજે પણ કેટલા બધા સુસંગત છે એ જુઓ. સંગીતકાર સલિલ ચૌધરીની વાતો કરીએ છીએ ત્યારે કેટલીક વિસ્મયજનક બાબતો ધ્યાનમાં આવે છે. વાત છે ફિલ્મ 'મેરે અપને'ની.

થોડીક પૂર્વભૂમિકા જોઇએ. આજે લેજન્ડ ગણાતા ગીતકાર ફિલ્મ સર્જક ગુલઝાર બિમલ રૉય અને હૃષીકેશ મુખરજીના સહાયક હતા ત્યારની વાત છે. બંગાળી ફિલ્મ સર્જક તપન સિંહાની એક ફિલ્મની સ્ક્રીપ્ટ તૈયાર કરવા માટે ગુલઝારને કલકત્તા તેડાવાયા હતા. ઈંદ્ર મિત્રાની એક વાર્તા પરથી તપન સિંહા આપનજન (આપણું સ્વજન) નામે બંગાળી ફિલ્મ બનાવી રહ્યા હતા. એમાં કેટલીક અસંગત અને ઘસાયેલી પીટાયેલી વાતો હતી. ગુલઝારને એમાં રસ પડ્યો નહીં. પણ ઈંદ્ર મિત્રાની વાર્તા ગુલઝારને ગમી ગઇ. બેકારીને કારણે અભણ કે ભણેલા ગણેલા યુવાનો નાની નાની વાતે હિંસા તરફ વળી જાય છે. એ મુદ્દો ગુલઝારને ગમી ગયો. એમણે મૂળ વાર્તા ખરીદી લીધી. એમાં કેટલાક નાના મોટા ફેરફાર કરીને પોતાની રીતે એક ફિલ્મ બનાવી.

રસપ્રદ વાત એ કે નિર્દેશક તરીકે 'મેરે અપને' ગુલઝારની પહેલી ફિલ્મ. કરુણામૂર્તિ (ટ્રેજેડી ક્વીન) ગણાયેલી અભિનેત્રી મીનાકુમારીની આ છેલ્લી ફિલ્મ. હીરો તરીકે હેન્ડસમ વિનોદ ખન્નાની આ પહેલી ફિલ્મ. આજે સિનિયર અભિનેતા ગણાતા ડેની ડેંગ્ઝોંગ્પાની પણ આ પહેલી ફિલ્મ. શત્રુઘ્ન સિંહા પેરેલલ હીરો હતા. ફિલ્મની કથા આમ તો સાવ સરળ હતી. આનંદીદેવી નામની એક જૈફ મહિલાને એના દૂરના કહેવાતા સંબંધી ફોસલાવી પટાવીને શહેરમાં લઇ જાય છે. ત્યાં આનંદીને સમજાય છે કે આ લોકોને તો ફૂલટાઇમ નોકરાણી જોઇએ છે. એ વિરોધ કરે છે એટલે પેલા કહેવાતા સંબંધી એને કાઢી મૂકે છે. એક ગરીબ ભિખારી બાળક પોતાની જર્જરિત ઝૂંપડીમાં આનંદીને સહારો આપે છે. આનંદી પોતાના સ્વભાવથી મહોલ્લામાં સૌની વહાલી થઇ જાય છે. મહોલ્લામાં કેટલાક યુવાનો ભણવા ગણવાને બદલે સતત ઝઘડતા રહે છે. આનંદી એ બંને ટુકડી વચ્ચે સમાધાન કરાવવાના પ્રયાસો કરતી



**નિર્દેશક તરીકે 'મેરે અપને' ગુલઝારની પહેલી ફિલ્મ. ટ્રેજેડી ક્વીન ગણાયેલી અભિનેત્રી મીનાકુમારીની આ છેલ્લી ફિલ્મ. હીરો તરીકે હેન્ડસમ વિનોદ ખન્નાની આ પહેલી ફિલ્મ. આજે સિનિયર અભિનેતા ગણાતા ડેની ડેંગ્ઝોંગ્પાની પણ આ પહેલી ફિલ્મ.**

રહે છે. એકવાર એવીજ મારામારીમાં કોઇના ગોળીબારમાં આનંદી ઠાર થઇ જાય છે.

આ ફિલ્મ બનતી હતી ત્યારે મીનાકુમારીની તબિયત ખૂબ ખરાબ હતી. એ ધ્યાનમાં રાકીને ગુલઝારે ફટાફટ ચાલીસ દિવસમાં શૂટિંગ પૂરું કરી નાખેલું. ગુલઝારે એક ગીત ખાસ મીનાકુમારી પર ફિલ્માવવા માટે લખેલું. પરંતુ દિવસે દિવસે મીનાકુમારીની તબિયત વધુ બગડતી ગઇ. એમના પર આ ગીત ફિલ્માવી શકાયું નહીં. ઊલટું પરાકાષ્ઠાનાં દ્રશ્યો વખતે તો મીનાકુમારી સેટ પર આવી ન શકે એટલી હદે બીમાર થઇ ચૂકી હતી. ઔર એક વાત. આ ફિલ્મ બનતી હતી ત્યારે આર. ડી. બર્મન (પંચમ) સાથે ગુલઝારને ખૂબ સારા સંબંધ બંધાઇ ગયા હતા. છતાં ગુલઝારે આ ફિલ્મનું સંગીત સલિલ ચૌધરી પાસે કરાવવાનો આગ્રહ સેવ્યો. સલિલદાએ પણ ગુલઝારના વિશ્વાસને પુરવાર કર્યો.

વર્તમાન પરિસ્થિતિ પર કટાક્ષ કરતા ગીત 'હાલ ચાલ ઠીક ઠાક હૈ...'ને સલિલદાએ રોમાન્ટિક ગીતો માટે વપરાતા રાગ પહાડીમાં સ્વરાંકિત કરીને ગુલઝારને દંગ કરી દીધા હતા. 'આપ કી દુઆ સે બાકી સબ ઠીક ઠાક હૈ...' ખરેખર તો રેપ સોંગ જેવા શબ્દો અને છંદ ધરાવતું ગીત હતું. સલિલદાએ એને પોતાની આગવી સ્ટાઇલથી રમતિયાળ બનાવી નાખ્યું.

ગુલઝારે મીનાકુમારી પર ફિલ્માવવાની ઇચ્છા રાખી હતી એ ગીત એટલે આ- 'રોજ અકેલી આયે, રોજ અકેલી જાયે, ચાંદ કટોરા લીયે ભિખારન, રોજ અકેલી આયે રાત, મોતીયોં જૈસે તારે આંચલ મેં હૈ સારે, હાયે રે ફિર ક્યા માંગે ભિખારન રાત...' ગીતના શબ્દોને ધ્યાનમાં રાખીને સલિલદાએ સ્વરાંકન બંગાળી લોકસંગીત પર આધારિત કર્યું છે. આ ગીતના પણ 'સબ કુછ ઠીક ઠાક હૈ' ગીતની જેમ બે રૂપાંતર છે. બંનેમાં એકાદ અંતરાના શબ્દોમાં ફેરફાર છે.

આ ફિલ્મનું સૌથી યાદગાર ગીત કિશોરકુમારના કંઠે રજૂ થયું છે. અગાઉ કિશોરકુમારના કંઠે ખુશમિજાજ અને રમતિયાળ ગીતો ગવડાવનારા સલિલદાએ અહીં કિશોર કુમારના કંઠે એક કરુણ કહી શકાય એવું ગીત આપ્યું છે. સાઉથના સંગીતમાંથી આપણે ત્યાં આવેલા રાગ કીરવાણીમાં સ્વરબદ્ધ કરેલા આ ગીતમાં શહેરોમાં વસતા એકાકી જણની મનોદશા વ્યક્ત થઇ છે. ઉપાડ છે - 'કોઇ હોતા જિસકો અપના, હમ અપના કહ લેતે યારોં, પાસ નહીં તો દૂર હી હોતા, લેકિન કોઇ મેરા અપના, કોઇ હોતા જિસ કો અપના...' શહેરની ભીડભાડ વચ્ચે પણ માણસ કેવો એકલો અટૂલો હોય છે એનું નિરુપણ આ ગીતમાં છે.

છેલ્લું ગીત 'ગંગા કી ભરી ગોદ મેં, ગંગા કે રાહી ચલે રે, ગંગા તેરે હી કિનારે લગે નૈયા હો, હાથ પકડે ભી જહાં પુરવૈયા રે, ગંગા કી ભરી ગોદ મેં...' આ ગીત ઈશાન ભારતના લોકસંગીત પર આધારિત છે. એને મન્ના ડેનો કંઠ સાંપડ્યો છે.

ગુલઝારની ડાયરેક્ટર તરીકે પહેલી જ ફિલ્મ હતી છતાં આ ફિલ્મ હિટ નીવડી હતી અને આજે તો કલ્ટ ફિલ્મ ગણાય છે. પાછળથી 'મશાલ' ફિલ્મમાં અનિલ કપૂર અને એના સાથીઓ ધમાલ કરે છે એવું જે ફિલ્માંકન થયેલું એનો પાયો ગુલઝારની આ ફિલ્મમાં નખાયો હતો. 'મશાલ' ફિલ્મમાં દિલીપકુમાર આ ટોળકીને પોઝિટિવ કામમાં જોતરે છે એવી વાત હતી. 'મેરે અપને'માં એવો રોલ મીનાકુમારીનો હતો. ■

# રોહિત રોયની જીભ લપસી

થોડા દિવસ પહેલા અભિનેતા રોહિત રોયે એક પોડકાસ્ટમાં ટેલિવિઝનને 'ડસ્ટબિન મીડિયમ'ની ઉપમા આપવા સાથે કહ્યું હતું કે તમે આજે ટીવી પર જે જૂઓ છો તે આવતીકાલે વિસરી જાઓ છો. તેણે ટેલિવિઝનને આપેલી આ ઉપમાએ હોબાળો મચાવી દીધો. ખાસ કરીને ટીવી સીરિયલોના કલાકાર-કસબીઓએ રોહિત રોયના આ વિધાન સામે સખત વાંધો લીધો. ટીવી જગત સાથે સંકળાયેલા લોકો ઉપરાંત નેટિઝનો પણ રોહિત રોય પર તૂટી પડ્યાં. છેવટે અભિનેતાને પોતાના બેફામ ભાષા બદલ ખુલાસો આપવાની નોબત આવી.

રોહિત રોયે સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે મારું આ વિધાન ટીવી પર આવતાં કન્ટેન્ટ વિશે હતું. હું ન તો આ માધ્યમની બદબોઈ કરી રહ્યો હતો કે ન તેમાં કામ કરતાં કલાકારોની.

રોહિતે વધુમાં કહ્યું હતું કે હું શબ્દોના ચયનમાં થાપ ખાઈ ગયો હતો. 'ડસ્ટબિન' શબ્દ કોઈને રુચ્યો નથી. અને તેમને મારા વિધાનનો વિરોધ કરવાનો પૂરેપૂરો અધિકાર છે. આમ છતાં હું તેમને વિનંતી કરું છું કે તેઓ મારા આ શબ્દોને પકડી રાખવાને બદલે મારો કહેવાનો અર્થ સમજે. હું માનું છું કે હું ભાષાની મર્યાદા ભૂલી ગયો, મારા શબ્દોનું ચયન સાવ ખોટું હતું. જો તેઓ મારો આખો ઈન્ટરવ્યુ જોશે તો તેમને મારા કહેવાનો અર્થ સમજાશે.

**ટેલિવિઝનને આપી 'ડસ્ટબિન મીડિયમ'ની ઉપમા**

હું એમ કહેવા માગતો હતો કે આજ ટીવી પર કલાકારો જે રજૂ કરે છે તે વર્ષોથી એકસમાન રીતે ચાલ્યું આવ છે. તેમાં કોઈ નાવીન્ય નથી. છેલ્લા કેટલાંક વર્ષથી ટીવી પર બીબાંઢાળ કન્ટેન્ટ રજૂ થઈ રહ્યું છે. કલાકારોને પણ તેમાં કાંઈ નવું કરવાની તક નથી મળતી. ટેલિવિઝન સાથે સંકળાયેલા સંખ્યાબંધ લોકો આ વાત કહી ચૂક્યા છે. મે પહેલી વખત આવો પ્રતિભાવ આપ્યો છે. હું એમ કહેવા માગું છું કે સીરિયલોની કહાણીઓને બહેતર બનાવવાની તાતી જરૂર છે. ટચૂકડા પડદે રીઆલિટી શોઝ આવે છે, ઘણાં મોટા શો પણ આવે છે. તેમાં જંગી રોકાણ પણ કરવામાં આવે છે. આમ છતાં અમે આજથી પંદર વર્ષ પહેલા જેવી સીરિયલો આપતાં હતાં તેવી ધારાવાહિકો હવે શોધીય નથી જડતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ટીવીના કેટલાંક કલાકારો તેમ જ નેટિઝનોએ રોહિતને યાદ અપાવ્યું હતું કે એક તબક્કે તે પણ ટીવી પર કામ કરતો હતો. આ માધ્યમે જ તેને ખરી ઓળખ આપી છે. આના જવાબમાં રોહિત કહે છે કે મને એમ કહેવામાં જરાય સંકોચ નથી થતો કે આજે હું જે છું તેનો સઘળો યશ મેં કરેલી 'સ્વાભિમાન' અને તેના જેવી અન્ય ધારાવાહિકોના ફાળે જાય છે.

રોહિત રોયે એમ પણ કહ્યું હતું કે હું સૌથી પહેલા તો ટીવી એક્ટર છું, પછીથી ભલે હું 'ઓટીટી' અને ફિલ્મો તરફ વળ્યો. પણ હું અને મારો ભાઈ મૂળભૂત રીતે તો ટચૂકડા પડદાના જ કલાકારો છીં. મારા વિધાનોથી ટીવી જગત સાથે સંકળાયેલા લોકોને દુઃખ થયું હોય તો હું માફી માગું છું. મારો ઈરાદો કોઈને ઉતારી પાડવાનો નહોતો. હું માત્ર ટીવીના ભલા માટે આ વાત કહી રહ્યો હતો. હું હજી પણ મારા વિચારો પ્રત્યે અડગ છું. હું ઈચ્છું છું કે ટીવી પર વધુ સારું કન્ટેન્ટ રજૂ થાય. આ મારો અંગત મત છે. અને દરેક વ્યક્તિને પોતાનો મત ધરાવવાની તેમ જ અન્યોના મતનો પ્રતિભાવ આપવાનો અધિકાર છે. પરંતુ મેં કોઈ ચોક્કસ કલાકારને સંબોધીને આ વાત નહોતી કહી. તેથી જેમણે આ વાત પોતાની સાથે જોડી લઈને મને કહ્યું છે કે હું પણ મૂળભૂત રીતે ટચૂકડા પડદાનો જ કલાકાર છું, આજે હું જે છું તે આ માધ્યમ થકી છું, તેમને હું કહેવા માગું છું કે તેઓ મારા પર વ્યક્તિગત હુમલો ન કરે.



રોહિતે ઉમેર્યું હતું કે હું આજે પણ ટીવી શોઝમાં કામ કરવા તૈયાર છું. આ બાબતે હું ઘણાં લોકો સાથે ચર્ચાવિચારણા પણ કરી રહ્યો છું. પરંતુ મને એવું કામ જ હાથ ધરવું છે જે કરવાનું મને ગમે. વાસ્તવમાં મેં મારી કારકિર્દીમાં એવું કામ ક્યારેય નથી સ્વીકાર્યું જે કરવાની મને મઝા ન આવે. હું સવારના ઉઠું કે તરત જ મને સેટ પર પહોંચી જવાની તાલાવેલી રહે એવું જ કામ કરવાનો કોઈ અર્થ રહે છે. મને આશા છે કે કોઈક મને બહુ જલદી આવું કામ ઓફર કરશે. ■



# એ સિરીયલો જે વર્ષો સુધી ચાલતી રહી...

## સિરીયલની કથામાં મોટા લીપ આવે છે, પેઢીઓ બદલાઈ જાય છે... વાસ્તવમાં પણ એવી કેટલીય ટીવી સિરીયલો છે, જેણે ઓડિયન્સની એકાધિક પેઢી જોઈ છે











**બાલિકા વધૂ**

૨૦૦૮માં આ સીરિયલ પ્રસારિત કરવામાં આવી હતી જે ૨૦૧૬ સુધી ચાલી હતી. કુલ આઠ વરસના પ્રસારણમાં આ શોના ૨,૨૮૪ એપિસોડ પ્રસારિત કરવામાં આવ્યા હતા.

**સીઆઈડી**

સસ્પેન્સ ડ્રામા શોઝના મામલે આ શો ભારતના દર્શકોનો પ્રથમ પસંદગીનો શો બની ગયો હતો. આ શો ૧૯૯૮માં શરૂ કરવામાં આવ્યો હતો જે ૨૦૧૮ સુધી ચાલ્યો હતો. આ પછી ૨૦૨૪માં નવા અવતારમાં આવ્યો હતો. આ સીરિયલની ૨ સીઝન આવી હતી જે લગભગ ૨૦ વરસથી વધુ ટેલિવિઝન પરથી પ્રસારિત થઈ હતી.

**ઊલ્ટા ચશ્મા**

૨૮ જુલાઈ ૨૦૦૮થી શરૂ થયેલી ઊલ્ટા ચશ્મા સીરિયલના ૪૫૦૦થી પણ વધુ એપિસોડ પ્રસારિત થઈ ચુક્યા છે. જે હજી સુધી દર્શકોનું મનોરંજન કરે છે.

**યે રિશ્તા ક્યા કહલાતા હૈ**

૧૨ જાન્યુઆરી, ૨૦૦૯થી આ શો પ્રસારિત કરવામાં આવ્યો હતો જે હજી પણ ૫૩૦૦થી વધુ એપિસોડ પ્રસારિત થઈ રહ્યો છે.

**કૃષિ દર્શન**

ભારતના કિસાનો માટેના આ શો દૂરદર્શન પર ૨૬ જાન્યુઆરી ૧૯૬૭માં શરૂ કરવામાં આવ્યો હતો જેના ૧૬,૭૮૦ થી વધુ એપિસોડ પ્રસારિત થઈ ચુક્યા છે.

**ક્યોં કિ સાસ ભી કભી બહુથી**

ક્યોં કિ સાસ ભી કભી બહુ થી સીરિયલ સીઝન-૧, ૨૦૦૦થી ૨૦૦૮ સુધી પ્રસારિત થઈ હતી. જેના ૧,૮૬૬ એપિસોડ હતા. સીઝન ટુમાં હજી સુધી ૪૩૭થી વધુ એપિસોડ પ્રસારિત થઈ ચુક્યા છે અને ૨૦ ઓક્ટોબર સુધી પ્રસારિત થશે તેવી ચર્ચા છે. ■

# TV TALK

## રામ-સીતાની જોડીને મળી 'નોટિસ'



ઉપરોક્ત મથાળું વાંચીને ચોંકી ગયા ને? ચોંકી જવું સ્વાભાવિક પણ છે. વાસ્તવમાં ચાર ચાર દશક પછી પણ દર્શકોના દિલમાં વસી ગયેલી 'રામ-સીતા'ની જોડી, એટલે કે અરૂણ ગોવિલ અને દીપિકા ચિખલિયા ટૂંક સમયમાં ઓટીટી પર રજૂ થનારી ફિલ્મ 'નોટિસ'માં ફરીથી પતિ-પત્નીની ભૂમિકામાં આવી રહ્યાં છે. ૧૫૦ વર્ષ પુરાણી એક દુકાનને લગતી એક કહાણીને રજૂ કરતી આ ફિલ્મમાં વિકાસને પગલે દોઢસો વર્ષ પુરાણી એક દુકાનને તોડી પાડવાની 'નોટિસ' આપવામાં આવે છે. ફિલ્મના દિગ્દર્શક પ્રદીપ ગુપ્તાએ કહ્યું હતું કે પીઢ અભિનેતા અરૂણ ગોવિલ ભ્રષ્ટ સિસ્ટમ સામે લડીને પોતાની દોઢસો વર્ષ પુરાણી દુકાન બચાવી લેવાનો પ્રયાસ કરે છે. જ્યારે ૧૯૮૭માં રામાનંદ સાગરની પૌરાણિક ધારાવાહિક 'રામાયણ'માં અરૂણ ગોવિલ, એટલે કે શ્રીરામની પત્નીની ભૂમિકા ભજવનાર અભિનેત્રી દીપિકા ચિખલિયાએ આ ફિલ્મમાં ફરીથી તેની પત્નીની ભૂમિકા અદા કરી છે. આ ફિલ્મ સીધી એવા લોકોને સ્પર્શે છે જેમની રોજીરોટી આપતી પ્રોપર્ટી વિકાસના નામે તોડી પાડવામાં આવી છે. આવા ભાવનાત્મક વિષયને રજૂ કરવા માટે અને અન્યાય વિરૂધ્ધ લડવા માટે 'રામ-સીતા'ની જોડીથી વધુ રૂડું શું? ચાલીસ વર્ષ પછી પણ દર્શકોના દિલમાં આ બંને કલાકારોની જોડી એટલા જ સ્નેહપૂર્વક અકબંધ છે. અમારા મતે દર્શકોને તે ચોક્કસ ગમશે.

## સાંઈ દેવધર : કેમેરાની આગળ-પાછળ દોડવાનો આનંદ અનેરો



ટીવી પર આવતી ધારાવાહિકોમાં ચોક્કસ ચહેરાઓ દર્શકોમાં ખાસ્સા પ્રિય થઈ પડે છે. આવા ચહેરાઓમાંનો એક એટલે સાંઈ દેવધર. છેક વર્ષ ૨૦૦૩થી અત્યાર સુધી સંખ્યાબંધ સીરિયલોમાં કામ કરનાર સાંઈને દર્શકો ખૂબ પસંદ કરે છે. 'સારા આકાશ', 'કસૌટી ઝિંદગી કી', 'ઉડાન' જેવી કંઈકેટલીય શ્રેણીઓમાં અભિનય કર્યા પછી સાંઈને લાગ્યું કે હવે કેમેરા પાછળ પણ કામ કરવું જોઈએ અને અદાકારાએ પોતાની પાંખો લેખન, દિગ્દર્શન, નિર્માણ સુધી પ્રસારી. અલબત્ત, તેની કારકિર્દીના વિસ્તારમાં ફિલ્મોનું સર્જન પણ સામેલ છે. તે કહે છે કે અમે માત્ર અભિનય કરીને જ નહીં, સર્જનના અન્ય પાસાંના માધ્યમથી અભિવ્યક્તિનો આનંદ લેવાનો પ્રયાસ કરી રહ્યાં છીએ. તાજેતરમાં જ સાંઈએ તેની સૌપ્રથમ ફીચર ફિલ્મ 'ના આવડતી ગોષ્ટ' (મરાઠી)નું શૂટિંગ પૂરું કર્યું. આ ફિલ્મનું લેખન-દિગ્દર્શન પણ તેણે જ કર્યું છે.

અહીં એ વાતની નોંધ લેવી રહી કે સાંઈ દેવધર અને શક્તિ આનંદે ૨૧ વર્ષ પહેલા પોતાનો સંસાર માંડ્યો હતો. તેણે 'સારા આકાશ'માં સાથે કામ કર્યું હતું. અદાકારા-દિગ્દર્શિકા કહે છે કે અમે બહુ સારા સહકલાકારો પણ છીએ. હું ફરીથી મારા પતિ સાથે કામ કરવા ઈચ્છું છું.

પોતાની સર્જન યાત્રા શરૂ કર્યા પછી પણ સાંઈએ ટીવી ધારાવાહિકોમાં કામ કરવાનું છોડ્યું નથી. હાલના તબક્કે અદાકારા મર્યાદિત એપિસોડની શ્રેણી 'જૂહી મુઈ'માં એક માતાની ભૂમિકા ભજવી રહી છે. શોમાં તેની પુત્રી ઓટિસ્ટિક છે. સાંઈ કહે છે કે આ વિષયજ મારા હૃદયને સ્પર્શી ગયો. અને એક વર્ષના અંતરાલ પછી મેં તેમાં કામ શરૂ કર્યું. તે વધુમાં કહે છે કે આ એક એવું માધ્યમ છે જે મોટાં મોટાં વાવાઝોડાં સામે પણ ઝીંક ઝીલી શકે છે. હા, દરેક માધ્યમની જેમ તેમાં પણ ચડાવ-ઉતાર આવ્યાં છે. આમ છતાં તે પડી નહીં ભાંગે એ વાત ચોક્કસ.

## ઐશ્વર્યા રાજ ભાકુની માંડ રાજી થઈ નેગેટિવ રોલ માટે

'શ્રીમદ રામાયણ' જેવી પૌરાણિક કથા દર્શાવતી સીરિયલમાં 'પાર્વતી'ની ભૂમિકા ભજવનાર અભિનેત્રી ઐશ્વર્યા રાજ ભાકુની હાલના તબક્કે 'ઓ હમનવા તુમ દેના સાથ મેરા'માં તેનાથી તદ્દન વિરોધાભાસી કિરદાર અદા કરી રહી છે. આ શોમાં તે 'આરાધ્યા'ની નેગેટિવ ભૂમિકા ભજવી રહી છે અને ઐશ્વર્યાને સ્વયં આ કિરદાર અદા કરવાનું અઘરું લાગી રહ્યું છે. તે કહે છે કે મૂળભૂત રીતે હું સકારાત્મક વિચારસરણી ધરાવતી હોવાથી મારા સ્વભાવથી તદ્દન વિપરિત પાત્ર ભજવવાનું મને મુશ્કેલ લાગી રહ્યું છે. ખાસ કરીને ભાવનાત્મક રીતે. તે વધુમાં કહે છે કે અગાઉ મેં 'શ્રીમદ રામાયણ'માં માતા પાર્વતીની ભૂમિકા ભજવી હતી. આ રોલ કરતી વખતે હું અત્યંત સતર્ક રહેતી. આ પવિત્ર પાત્ર સાથે દર્શકોની આધ્યાત્મિકતા, આસ્થા જોડાયેલી હોવાથી મારા પાત્ર થકી તેમની શ્રધ્ધાને સહેજેય ઠેસ ન પહોંચે એ જોવાની મારી જવાબદારી હતી. જ્યારે 'આરાધ્યા', એટલે કે 'આરુ'ની ભૂમિકા તેના કરતાં તદ્દન વિરોધાભાસી છે. આ કિરદાર માટે મને 'પાર્વતી માતા'ની ઈમેજ અને મારા મૂળભૂત સ્વભાવથી બહાર આવીને કામ કરવાનું હોવાથી મને આરંભમાં ખાસ્સું મુશ્કેલ લાગ્યું હતું. તે પોતાનો એક અનુભવ જણાવતાં કહે છે કે ફિલ્મના એક દ્રશ્યમાં મને પાંચ પાનાંના એક મોનોલોગ રજૂ કરવાનો હતો અને તેની તૈયારી માટે મને માત્ર ૧૫-૨૦ મિનિટ આપવામાં આવી હતી. પરંતુ દિગ્દર્શકે મને પાનો ચડાવતાં મેં એ દ્રશ્ય ૨૦ મિનિટની તૈયારીમાં ભજવી બતાવ્યું. જોકે માતા પાર્વતીની ભૂમિકા ભજવ્યા પછી 'આરુ' જેવું નકારાત્મક પાત્ર ભજવવાને પગલે સોશ્યલ મીડિયા પર દરરોજ નેટિઝનો મારી બદબોઈ કરે છે. તેઓ વિસરી જાય છે કે હું પડદા પર એ પાત્ર ભજવી રહી છું. અને તેમની નફરતભરી કમેન્ટથી મારું હૈયું દુભાય છે.



# નાનાએ જ્યારે પોતાના જિગરી દોસ્ત અશોક સરાફનો જીવ બચાવ્યો...

નાના પાટેકરને દરેક ક્ષેત્રના અગ્રણીઓએ અંજલિ આપી છે. એમાં મરાઠી રંગમંચ અને મરાઠી-હિન્દી સિનેમાના જાણીતા અભિનેતા અશોક સરાફની શ્રદ્ધાંજલિ સૌથી વિશિષ્ટ છે. એટલા માટે કે સરાફ અને પાટેકર દાયકાઓથી ગાઢ મિત્રો હતા. બન્નેએ ઘણી લીલી-સૂકી સાથે જોઈ છે. એક પ્રતિષ્ઠિત મરાઠી દૈનિક સમક્ષ પોતાની લાગણીઓ ઠાલવતા અશોક સરાફ કહે છે, 'મારા જીવનની એક સૌથી દુઃખદ બીના બની છે. મારો સૌથી નજીકનો જિગરજાન દોસ્ત અચાનક ચાલી નીકળ્યો. આ આઘાતજનક સમાચાર હજુ પણ માન્યામાં નથી આવતા. આટલો ફિટ, શિસ્તબદ્ધ અને પોતાની હેલ્થની કાળજી રાખનારો માણસ ઓચિંતો ચાલ્યો જશે એવી કલ્પના પણ થઈ નથી. પોતાનું બોડી બનાવ્યું હતું. પોતાના સ્વાસ્થ્યનું એ બહુ ધ્યાન રાખતો.



મારી અને નાનાની મૈત્રી ખૂબ જૂની. અમે લગભગ સાથે જ અભિનય કારકિર્દી શરૂ કરી. 'હમીદાબાઈચી કોઠી' નામના મરાઠી નાટકથી મેં એની યાત્રા નજીકથી જોઈ છે. એ ડ્રામામાં નાનાએ ભજવેલી દલાલની ભૂમિકા હજીય મારી આંખ સામે તરવરે છે. એ પાત્રને સ્ટેજ પર જીવંત બનાવવા નાના પોતાના અભિનયમાં જે બારીકીઓ લાવતો એ જોઈ અમે બધા છક થઈ જતા. અભિનયના જોરે એ માણસ ક્યાં ક્યાં પહોંચ્યો. એણે એક્ટિંગમાં પોતાની એક સ્વતંત્ર શૈલી વિકસાવી. સાવ સીધાસાદા રોલમાં પણ એ કાંઈક નોખું લઈ આવતો. કોમેડી હોય કે સિરીયસ રોલ દરેકને એ પોતાની રીતે જીવંત બનાવી દેતો.



નાનાનો સ્વભાવ જેટલો સરલ હતો એટલો જ ઉગ્ર હતો. પોતાને કાંઈ ગમે કે ન ગમે એ બધું મોઢામોઢ કહી દેતો. એને લીધે ઘણાંને નાનાનો સ્વભાવ ક્રોધી અને અભિમાની લાગતો. પરંતુ દિલથી એ બહું સૌમ્ય અને પ્રેમાળ વ્યક્તિ હતો. સમય આવે બધાની મદદે દોડી જાય. કોઈ સાથે અન્યાય થઈ રહ્યો હોવાનું લાગે ત્યારે નાના શાંત બેસી નહોતો શકતો. એ ફટ થઈને બોલી દેતો. સ્વભાવમાં સચ્ચાઈ એ જ એની સાચી ઓળખ હતી. નાના સાથેની દોસ્તીની અનેક યાદો સચવાયેલી પડી છે. એક ઘટના યાદ આવે છે. એ દિવસોમાં અમે 'હમીદાબાઈચી કોઠી' નાટક મહારાષ્ટ્રના ગામેગામ જઈ ભજવતા. એક ગામમાં કોઈક કારણોસર નાટકનો પ્રયોગ રદ થયો અને પ્રેક્ષકો તોફાને ચડ્યા. થિયેટરની ખુરશીઓનો ખુદ્દો બોલાવ્યો, પોસ્ટરો ફાડી બધાના રોલનો ટાર્ગેટ હું હતો. લોકો મને મારી મારીને ધોઈ નાકવાના મૂડમાં છે અને મારા તરફ ધસી રહ્યા છે એ જોઈને નાનાએ રીતસર મને તેડી લીધો અને થિયેટરની બાજુથી મને બહાર કાઢ્યો. અમે ટોળાથી બચવા દોટ મૂકી. નાનાએ એક રિક્ષા રોકી મને સલામત એક રેસ્ટ હાઉસમાં પહોંચાડ્યો. એ દિવસે નાનાએ મારો જીવ બચાવ્યો એવું હું આજે પણ માનું છું, એ ઘટના કદી વિસરાશે નહીં.

બધાની જેમ નાના પણ મને 'મામા' કહીને બોલાવતો. મળે ત્યારે મારા હાથપગ દબાવવા માંડે. ફિલ્મોનો જાણીતો એક્ટર બન્યા બાદ પણ એની ચંપી-માલિશ ચાલુ જ રહી. હું ના પાડું તો પણ એ માને નહીં. નાનાની આત્મીયતા અને પ્રેમ આવી નાની-નાની વાતોમાં વર્તતો. છેલ્લા થોડા વરસોમાં અમે નિયમિત રીતે મળી નહોતા શકતા. કોઈક પ્રોગામમાં ભેગા થઈ જઈએ અથવા ફોન પર વાત થાય. મુલાકાતો ભલે ઓછી થઈ પણ અમારી મૈત્રીમાં ક્યારેય ઓટ ન આવી, એ એવીને એવી જ અડીખમ રહી.

# વિદ્યુત જામવાલે 'સ્ટ્રીટ ફાઈટર'ના ટ્રેલર લોન્ચમાં સમાધિ લગાવી

'કમાન્ડો' ફ્રેન્ચાઈસની ફિલ્મોમાં પોતાની રિયલ એક્શન સ્ટાર પુરવાર કરનાર વિદ્યુત જામવાલ લાંબા અરસા બાદ ન્યુસમાં છે. એની હોલીવુડ મુવી સ્ટ્રીટ ફાઈટર ૧૬ ઓક્ટોબરે વર્લ્ડવાઈડ રિલીઝ થશે. ઈંગ્લીશ અને હિન્દી ઉપરાંત તમિળ અને તેલુગુ ભાષામાં જોવા મળનારી આ મુવીનું હમણાં મુંબઈમાં ટ્રેલર લોન્ચ યોજાયું. એ ઈવેન્ટમાં વિદ્યુતે મિડીયાને આશ્ચર્યનો આંચકો આપ્યો. ૪૫ વરસના માર્શલ આર્ટ્સ અને યોગ એક્સપર્ટ જામવાલે ઊભા ઊભા જ ૧૫ મિનિટ સમાધિ લગાવી દીધી. એક્ટર સંપૂર્ણ અચેતન અવસ્થામાં ચાલ્યો ગયો. દર્શકો અને મિડીયા આ બધુ શું ચાલી રહ્યું છે અને ક્યાં સુધી ચાલશે એનો અંદાજ ન લગાવી શક્યા. વિદ્યુતની આંખો ખુલી હતી. પછી એના પગ થોડા ધ્રુજવા માંડ્યા ત્યારે ખયાલ આવ્યો કે એણે ૧૫ મિનિટ પોતાનો શ્વાસ રોકી રાખ્યો હતો. એને કારણે એની આંખમાં પાણી આવી ગયા.



પસંદગીની ફિલ્મો કરવા માટે જાણીતા વિદ્યુતે આવી અનોખી રીતે હોલીવુડ મૂવી સ્ટ્રીટ ફાઈટરમાં પોતાના પાત્ર ધલ્સિમની એક ઝલક દેખાડી, વીડિયો ગેમ ફ્રન્ચાઈસ સ્ટ્રીટ ફાઈટરનું જાણીતું પાત્ર ધલ્સિમ પોતાની અસાધારણ સ્ફુર્તિ, ગૂઢ શક્તિઓ અને સિગ્નેચર ફાયર-બ્રીધિંગ મૂવ્સ માટે જાણીતું છે. ઉપરાંત એ યોગ માસ્ટર અને જબરજસ્ત ફાઈટર પણ છે. ઈન શોર્ટ, યોગ, કેરળની પ્રાચીન યુદ્ધ કાગ કલારીપાયાટુ, તેમ જ શ્વાસ અદ્ધર કરી દેતી એક્શન સિક્વંસમાં નિપુણ જામવાલ દરેક રીતે આ રોલમાં ફિટ બેસે છે.

ટ્રેલર લોન્ચમાં મિડીયા સાથેના ઈન્ટરએક્શનમાં ફિલ્મ વિશે વાત કરતા વિદ્યુત કહે છે, 'ઈન ફેક્ટ, બાળપણમાં હું કદી વીડિયો ગેમ્સ રમ્યો નથી. મને એકલા સ્પોર્ટ્સમાં જ રસ હતો. જેને કારણે મને આ રોલ મળ્યો. આજે મને લાગે છે કે મેં આખી જિંદગી આ રોલ માટે જ મેહનત કરી છે. મૂવીના શૂટ દરમ્યાન હું લેજન્ડ્સથી ઘેરાયેલો રહ્યો હતો. મારી આસપાસ ડબલ્યુડબલ્યુઈના રેસલર્સ જ રહેતા.'

**'મને ફક્ત સ્પોર્ટ્સમાં જ રસ હતો, જેને કારણે મને આ રોલ મળ્યો. આજે મને લાગે છે કે મેં આખી જિંદગી આ રોલ માટે જ મેહનત કરી છે. મૂવીના શૂટ દરમ્યાન હું લેજન્ડ્સથી ઘેરાયેલો રહ્યો હતો.'**

આટલી ઔપચારિકતા બાદ જામવાલે જે વાત કરી એ બહુ અગત્યની હતી. હોલીવુડ અને બોલીવુડના વર્ક કલ્ચર વચ્ચેનો મોટો તફાવત સમજાવતા એક્ટરે કહ્યું, 'હોલીવૂડમાં લોકો ઓવર ટાઈમ કરવા માગે છે કારણકે એમને દરેક એક્સ્ટ્રા મિનિટ કામ કરવાના પૈસા ચુકવાય છે.બીજી તરફ, હોલીવુડમાં મોટામાં મોટો સ્ટાર પણ સેટ પર સમયસર હાજર થઈ જાય છે. તમે ગમે તેટલા મોટા એક્ટર હો પણ સમયની શિસ્ત તો તમારે પાળવી જ પડે. સેટ પર તમામ ૩૦૦ લોકો આવી શિસ્ત પાળે. અને તમે એક મિનિટ પણ મોડા પડો તો તમને પ્રોડક્શન ટીમ કોલ કરીને પૂછે, 'તમે ઠીક છો કે પછી કોઈ' હોસ્પિટલમાં છો?'

આપણા સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીજમાં પણ આવું જ વર્ક કલ્ચર છે. વેટરન એક્ટર જિતેન્દ્ર ઘણી વાર કહી ચુક્યા છે કે સાઉથમાં સવારના ૭ વાગ્યાની શિફ્ટ હોય તો ત્યાંનો ગમે એટલો મોટા સુપરસ્ટાર પણ ટાઈમસર મેકઅપ કરીને સેટ પર હાજર થઈ જાય. સવાલ એ છે કે આપણાં બોલીવુડને લેટ લતીફો એમાંથી ક્યારે બોધપાઠ લેશે?

# ગોંધળ: ઓસ્કાર એવોર્ડ માટે મરાઠી પસંદ

**મહારાષ્ટ્રની લોકકલાનું પ્રતિબિંબ દર્શાવતી મજેદાર ફિલ્મ**

મરાઠી ફિલ્મ ને ફરી એક વખત આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂ થવાનું સન્માન મળ્યું છે. ફોડ પાડીને કહીએ તો ગોંધળ નામની મરાઠી ફિલ્મને ભારત સરકારે સત્તાવારી રીતે ૯૯ મા એકેડમી એવોર્ડ( ઓસ્કાર એવોર્ડ ) માટે પસંદ કરી છે. આમ તો ઓસ્કાર એવોર્ડ માટે આખો ભારતમાંથી કુલ ૩૩ પ્રાદેશિક ફિલ્મરજૂ થઇ હતી. આ ૩૩ ફિલ્મોમાંથી ઓસ્કાર એવોર્ડ માટે મરાઠી ફિલ્મ : ગોંધળ : પસંદ થઇ છે.

ઓસ્કાર એવોર્ડ માટે પસંદ થઇ હોય તેવી ગોંધળ ચોથી મરાઠી ફિલ્મ છે. અગાઉ શ્વાસ (૨૦૦૫), હરિશ્ચંદ્રાચી ફેક્ટરી (૨૦૦૯), કોર્ટ (૨૦૧૫) વગેરે ફિલ્મ પણ ઓસ્કાર માટે પસંદ થઇ હતી.

ગોંધળ મરાઠી શબ્દ છે, જેનો સરળ અર્થ છે ધાર્મિક વિધિ અથવા તો લોક કલા. ગોંધળ ફિલ્મમાં મહારાષ્ટ્રની લોક સંસ્કૃતિનું દર્શન છે. એટલે કે ફિલ્મમાં મહારાષ્ટ્રનું લોક સંગીત, લોક નૃત્ય, ધાર્મિક પરંપરા છે. સાથોસાથ માનવ જીવનની મહત્વાકાંક્ષા, દગાબાજી, હત્યા વગેરે પાસાં પણ છે. ગોંધળ ફિલ્મ અગાઉ ૨૦૨૫માં ઇન્ટરનેશન ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઇન્ડિયા(આઇ. એફ. એફ. આઇ) રજૂ થઇ છે. તે ફિલ્મ ફેસ્ટિવલમાં ગોંધળ ફિલ્મના દિગ્દર્શક સંતોષ દાવખરને શ્રેષ્ટ દિગ્દર્શકનો સિલ્વર પિકોક એનાયત થયો છે. હવે ૯૯ મો એકેડમી એવોર્ડ્ઝ સમારોહ ૨૦૨૭ની ૧૪ મી માર્ચે અમેરિકાના લોસ એન્જલસ શહેરમાં યોજાવાનો છે. આ સમારોહમાં ગોંધળ ફિલ્મ ઇન્ટરનેશનલ ફિચર ફિલ્મની શ્રેણીમાં રજૂ થશે.ત્યારબાદ ફિલ્મના નામાંકન (નોમીનેશન) ની પ્રક્રિયા થશે.



ગોંધળ ફિલ્મના દિગ્દર્શક : લેખક સંતોષ દાવખર ભરપૂર ખુશી વ્યક્ત કરતાં કહે છે, અમારી ગોંધળ ફિલ્મને આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂ થાય તે પ્રસંગ જ આપણા ભારત દેશ અને અમારા સહુ માટે ગૌરવની બાબત છે. સાથોસાથ બહુ મોટી જવાબદારી પણ છે. ભારત દેશમાં ભરપૂર સાંસ્કૃતિક વિવિધતા છે અને ગોંધળ ફિલ્મ આ વિવિધતાનું પ્રતિબિંબ છે.

ગોંધળ ફિલ્મમાં કિશોર કદમ, ઇશિતા દેશમુખ, યોગેશ સહાની,નિષાદ ભોઇર, અનુજ પ્રભુ વગેરે કલાકારો છે. ગૌરવની બાબત એ છે કે ગોંધળ ફિલ્મનું સંગીત ભારતના આલા દરજ્જાના સંગીત નિર્દેશક ઇલૈયારાજાએ તૈયાર કર્યું છે. ઇલૈયારાજાએ તમિળ, તેલુગુ, કન્નડ,હિન્દી વગેરે ભાષાની ફિલ્મોમાં પણ મધુર સંગીત સર્જન

# કલ્યાણી પ્રિયદર્શન હિન્દી સિનેમામાં 'પ્રલય' મચાવવા આવી રહી છે

**પ્રિયદર્શનની પુત્રી કલ્યાણી પ્રિયદર્શન રણવીર સિંહ સામે ડિરેક્ટર જય મહેતાની 'પ્રલય'થી બોલીવુડમાં ડેબ્યુ કરશે. ૩૩ વરસની કલ્યાણી મલયાલમ, તમિલ અને તેલુગુ સિનેમામાં એક જાણીતું નામ છે.**

રશ્મિકા મંદાના અને શ્રીલીલા બાદ સાઉથની એક વધુ એક્ટ્રેસનું હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આગમન થઈ રહ્યું છે. ડિરેક્ટર પ્રિયદર્શનિની પુત્રી કલ્યાણી પ્રિયદર્શન 'ધુરંધર' રણવીર સિંહ સામે ડિરેક્ટર જય મહેતાની 'પ્રલય'થી બોલીવુડમાં ડેબ્યુ કરશે. ૩૩ વરસની કલ્યાણી મલયાલમ, તમિલ અને તેલુગુ સિનેમામાં એક જાણીતું નામ છે. એ પોતાના પરફોર્મન્સ માટે ફિલ્મફેર સહિતના પ્રતિષ્ઠિત એવોર્ડ જીતી ચુકી છે.



આમ તો કલ્યાણી અને એના ફિલ્મમેકર ડેડી પ્રિયદર્શનની માલિકીનો કોચીમાં એક આલિશાન બંગલો છે પરંતુ પ્રલય જેવી મોટી હિન્દી ફિલ્મ મળતા એક્ટ્રેસે એના પર પુરેપુરુ ફોકસ કરવા છેલ્લા દશેક મહીનાથી મુંબઇમાં જ ડેરો નાખ્યો છે. ફિલ્મના પ્રોડ્યુસર્સે એના માટે જૂહુમાં એક સ્પેશિયસ અપાર્ટમેન્ટની વ્યવસ્થા કરી છે. એમના આ પગલા પાછળ એવી ગણતરી છે કે એક્ટ્રેસ ચેન્નઇ- મુંબઇ વચ્ચે અપડાઉન કરવા પાછળ સમય વેડફવાને બદલે મુંબઇમાં જ રહે તો પોતાના કામ પર વધુ ધ્યાન પરોવી શકે. ખાસ તો એટલા માટે થ્રિલર મૂવી માટે એના લીડ એક્ટર્સે સઘન તૈયારીઓ કરવી જરૂરી છે.

જુલાઇમાં ફિલ્મ ફ્લોર પર ગઇ એ પહેલા મેમાં જ કલ્યાણીએ એક્શન માટે ટ્રેનિંગ લેવાનું શરૂ કરી દીધું હતું. ફિલ્મના યુનિટના એક માહિતગાર સૂત્રના જણાવવા મુજબ કલ્યાણી અને રણવીરે ઘણા બધી રીડિંગ્સ, રિહર્સલ્સ અને વર્ક શોટસમાં સજોડે ભાગ લીધો હતો. પહેલા શેડ્યુલનું શૂટ પતાવ્યા બાદ રણવીર પેટરનિટી લિવ પર ગયો. હવે યુનિટ ઓક્ટોબરથી ફરી શૂટિંગ શરૂ કરી ડિસેમ્બર સુધી એકધારુ શૂટ કરશે. બે શેડ્યુલ વચ્ચે મળેલા ફાજલ સમયમાં કલ્યાણીએ એક્શનની ટ્રેનિંગ ચાલુ રાખી હતી. ફિલ્મમાં એ એક ચપળ અને સ્ફૂર્તીલી સ્ત્રીનું પાત્ર ભજવતી હોવાથી એણે એક સ્પેશ્યલ ડાયટ પ્લાન ફોલો કર્યો હતો.

મુંબઈમાં વસવાટ કરવાનો પ્રિયદર્શનની પુત્રીને એક બીજો લાભ પણ મળ્યો છે. એ સાઉથની ફિલ્મોની સાથોસાથ હિન્દી ફિલ્મો પણ કરવા ઉત્સુક હોવાથી એણે મુંબઇમાં અમુક ટોપના ડિરેક્ટર્સ સાથે મીટીંગ્સ કરી લીધી છે.



# એલી અવરામ: રૂઝાઈ રહેલા ઘાને ફરીથી ખોતરવો નથી

**'આજે પણ હું વિવાહ કરવામાં માનું છું. મારા ભાગ્યમાં લગ્નયોગ છે કે નહીં એ તો સમય જ કહેશે. અલબત્ત, હું માત્ર મારી એકલતા દૂર કરવા લગ્નના માંડવે નહીં બેસું. ફક્ત સાથીની ખોટ પૂરવા પરણી જવું એ તો જીવતેજવ ઠાઠડી સાથે બંધાઈ જવા જેવું થાય.'**

હૃદય તૂટે ત્યારે ભલભલી વ્યક્તિ ભીતરથી ભાંગી પડે. ભગ્ન હૃદયે સમય અને ધૈર્ય-શાંતિ જ સાંધી શકે. અભિનેત્રી એલી અવરામ હમણાં આવા જ તબક્કામાંથી પસાર થઈ રહી છે. તે પોતાની વીંખાઈ ગયેલી લાગણીઓને ફરીથી એકઠી કરીને મનને શાતા પહોંચાડવાનો પ્રયાસ કરી રહી છે અને આ સઘળી મથામણ તેના અંગત અને અને વ્યાવસાયિક જીવનને અસર કરી રહી છે.

જો કે અદાકારા ધીમે ધીમે સમયની સાથે ડગ માંડવા લાગી છે. તે હવે પોતાના અંગત જીવનને સમુસુતરું કરીને વ્યક્તિગત વિકાસ કરવાકટિબદ્ધ બની છે. અભિનેત્રી કહે છે કે મેં ઈશ્વર સમક્ષ મારા વ્યક્તિગત વિકાસ માટે પ્રાર્થના કરી છે. હવે ભવાનને જે મંજૂર હશે, તેમને જે ઠીક લાગશે તે મારા માટે કરશે. આપણે તો આપણા અનુભવે જ સઘળું શીખીએ છીએ. 'પડે તે ચડે'ના નાતે આપણે પડી ભાંગીએ ત્યારે જ ઊભા થઈને આગળ વધવાનો નિર્ધાર કરી શકીએ. હમણાં હું આ તબક્કામાંથી પસાર થઈ રહી છું. મેં પડી ગયા પછી બિચ્ચારી થઈને ત્યાં જ બેસી રહેવાને બદલે ઊભા થઈને એક એક ડગલું આગળ વધવાનો નિર્ણય કર્યો છે.

જો કે એમ માની લેવાની જરૂર નથી કે હૈયે ઘા થયા પછી એલી ક્યારેય લગ્ન કરવાનો વિચાર નહીં કરે. અદાકારા કહે છે કે આજે પણ હું વિવાહ કરવામાં માનું છું. મારા ભાગ્યમાં લગ્નયોગ છે કે નહીં એ તો સમય જ કહેશે. અલબત્ત, હું માત્ર મારી એકલતા દૂર કરવા લગ્નના માંડવે નહીં બેસુ. ફક્ત સાથીની ખોટ પૂરવા પરણી જવું એ તો જીવતેજવત ઠાઠડી સાથે બંધાઈ જવા જેવું થાય.

આઘાતમાંથી બહાર આવવા હાલના તબક્કે ગોવામાં રહેતી એલીને વર્ષ ૨૦૨૦માં ગોવામાં વિતાવેલી ક્રિસમસ સાંભરી આવે છે. તે કહે છે કે મેં અહીં કેટલી સરસ રીતે ક્રિસમત ઉજવી હતી અને નવા વર્ષની સવારે ઉઠીને ચર્ચમાં ગઈ હતી.તે વધુમાં કહે છે કે ગોવામાં કોઈ ભાગદોડ નથી. તેથી મનને જલદી શાંતિ મળે છે. અહીંના લોકો બહુ ભલા છે. અહીંની પ્રકૃતિ મારું મન શાંત કરવામાં સહાયક બની રહી છે.

અભિનેત્રીના કામની વાત કરીએ તો તે પોતાની વર્તમાન માનસિક સ્થિતિને ધ્યાનમાં લઈને કામ કરવા ઈચ્છે છે. તે કહે છે કે 'ચુંબક'માં મને 'એલિશિયા'ના રોલની ઓફર થઈ ત્યારે હું મારા જીવનના કપરા કાળમાંથી પસાર થઈ રહી હતી. આ ફિલ્મની સ્ક્રીપ્ટ વાંચીને ખુશ થઈ ગઈ હતી. મને એમ લાગ્યું કે હમણાં મારા માટે આ રોલ યોગ્ય રહેશે.

એલી હમણાં ભાવનાત્મક રીતે નીચોવી નાખે એવા કિરદાર અદા કરવા નથી ઈચ્છતી. તે કહે છે કે તમે જ્યારે વ્યક્તિગત જીવનમાં ભગ્ન હૃદયને સાંધવાનો પ્રયાસ કરી રહ્યા હો તેવા વખતે તમારા રૂઝાયેલા ઘામાં ફરીથી લોહીની ટશરો ફૂટે એવા પાત્રો ભજવવાથી આઘા રહેવું જોઈએ.

હું મારા રૂઝાઈ રહેલા ઘામાંથી ફરીથી રક્તસ્ત્રાવ થાય એમ નથી ઈચ્છતી તેથી હાલના તબક્કે હું ધીરગંભીર, ભાવનાત્મક ભૂમિકા ભજવવા નથી માગતી.

# સાંભળવા અને અનુભવવાનો તફાવત બતાવતી ફિલ્મ: આંખો દેખી

કુરુક્ષેત્રમાં એક તરફ કૌરવ સેના ઊભી હતી. અને બીજી તરફ, પાંડવોની સેના. અંધ રાજા ધૃતરાષ્ટ્ર સંજયને પૂછે છે કે, 'ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ . મામકાઃ પાણ્ડવાશ્ચૈવ કિમકુર્વત સંજય ॥ 'સંજય, કુરુક્ષેત્રમાં યુદ્ધ કરવા ભેગા થયેલા મારા પુત્રો અને પાંડુના પુત્રો શું કરી રહ્યા છે? અહીંથી સંજય રાજા ધૃતરાષ્ટ્રની આંખો બને છે. યુદ્ધમાં બનતી તમામ ઘટનાઓ નિષ્પક્ષ રીતે વર્ણવે છે. એટલું નિષ્પક્ષપણે કે, કદાચ ધૃતરાષ્ટ્રની પોતાની આંખો હોત તો તે પણ




આટલું નિષ્પક્ષ ન જોઈ શકી હોત. અર્જુન સામે પ્રગટ થયેલા શ્રીકૃષ્ણના વિરાટરૂપના અદભુત દર્શનથી લઈને બાણોની શૈયા પર ઢળી પડેલા ભીષ્મ પિતામહ, ચક્રવ્યૂહમાં અભિમન્યુ, કર્ણના રથના પૈડાનો પ્રસંગ અને અંતે દુર્યોધનના પતન સાથે સંજય ધૃતરાષ્ટ્રને તમામ પ્રસંગો કહી સંભળાવે છે. અંતે કહે છે કે, યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ । તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ॥ જ્યાં, શ્રીકૃષ્ણ છે, જ્યાં ધનુર્ધર અર્જુન છે. ત્યાં જ લક્ષ્મી, વિજય, સમૃદ્ધિ અને ધર્મ રહેલા છે, એવું મારું દૃઢ માનવું છે. આ દરેક પ્રસંગ એ વાતની સાબિતી કે, સંજય જે કહી રહ્યા છે તે જ વાસ્તવિકતા છે. રાજા ધૃતરાષ્ટ્રના નસીબ સારા કે, તેમને સંજય જેવી દ્રષ્ટિ મળી. તેમણે આ દ્રષ્ટિનો ઉપયોગ ન કર્યો, ક્યારેય તે મુજબ પગલાં ન લીધા એટલે જ અધોગતિ થઈ.

આજકાલનો વિચાર કરો, તો સવાલ થાય કે, કોઈ રાજાને મળી શકે સંજય જેવી દ્રષ્ટિ? એવી દ્રષ્ટિ કે, જે સત્ય જ બોલે. એવી દ્રષ્ટિ કે, જે સાચો માર્ગ જ દેખાડે. એવી દ્રષ્ટિ કે જે નિષ્પક્ષ રહે, તટસ્થ રહે. દબાણવશ નિર્ણય ન બદલે. હારને હાર અને જીતને જીત કહે. શું આ શક્ય છે? કળિયુગમાં તો નહીં જ. કળિયુગ માટે કહી શકાય કે, જે તમે અનુભવ્યું નથી, જે તમે જોયું નથી, જે ફક્ત તમે સાંભળ્યું છે, કોઈના મોઢેથી નહીં પરંતુ, કોઈના વિશે, તે બધું જ જૂઠું છે. તે બધું જ બેકાર છે. આ પ્રકારની વાત માનવાનો ઈનકાર કરવો. એવી વસ્તુ-વાતને માનવી જ નહીં જેનો જાત-અનુભવ ન કર્યો હોય. આ ખૂબ જ સુંદર વિચારને રજત કપૂરે 'આંખો દેખી' ફિલ્મમાં રજૂ કર્યો છે. એ જ રજત કપૂર જેમનું ફિલ્મોમાં ડેબ્યુ તો ૧૯૮૯માં થયું. પરંતુ, લાઈમલાઈટમાં 'દિલ ચાહતા હૈ' ..માં પ્રિટી ઝિંટાના અંકલના રોલ સાથે આવ્યા.

### કોમન મેનનો સવાલ

આપણે બાળપણથી ઘણું બધું શીખીએ છીએ. પરિવાર પાસેથી, સમાજ પાસેથી, સ્કૂલમાંથી અને પરંપરાઓમાંથી. કેટલીક વાતો પર વિશ્વાસ કરીએ છીએ, કારણ કે આપણને કહેવામાં આવ્યું હોય છે કે તે સાચી છે. પરંતુ, જો કોઈ એક દિવસ નક્કી કરે કે તે હવે માત્ર એ જ વાત પર વિશ્વાસ કરશે, જેનો તેણે પોતે અનુભવ કર્યો હોય, તો? સવાલ સહેલો લાગે છે, પણ તેનો જવાબ માણસની જિંદગી બદલવાની તાકાત રાખે છે. ૨૦૧૩માં આવેલી રજત કપૂરની ફિલ્મ 'આંખો દેખી' આ જ વિચારને એક સામાન્ય મીડલ ક્લાસ ફેમિલી સાથે રજૂ કરે છે. ફિલ્મમાં વાત કોઈ મહાન વૈજ્ઞાનિક કે કોઈ ક્રાંતિકારી કે કોઈ વિચારકની નથી કરવામાં આવી. વાત એક કોમન મેનની છે, જેને અચાનક સમજાય છે કે, દુનિયા વિશેની તેની માન્યતાઓ ખરેખર તેની પોતાની નથી. તે નક્કી કરી લે છે કે, બાકીનું જીવન પોતાની રીતે જીવશે. આ એક એવા માણસની કહાણી છે જે દુનિયાને બદલવા નથી નીકળ્યો. એ તો પોતાની દુનિયાને જોવાની નજરને બદલવા મથી રહ્યો છે.

### ૨૦ મિનિટની શોર્ટ ફિલ્મનો વિચાર

રજત કપૂરના મનમાં લાંબા સમયથી એક એવા માણસનો વિચાર હતો, જે પોતાના અનુભવને જ સત્ય માને. પરંતુ, ફક્ત વિચાર હોવો અને તેને ફિલ્મમાં ફેરવવો, એ બે અલગ બાબતો છે. તેમણે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, એફટીઆઈઆઈના વિદ્યાર્થીઓ સાથે એક શોર્ટ ફિલ્મ બનાવવાની ચર્ચા દરમિયાન 'આંખો દેખી' નો વિચાર આવ્યો હતો. તે સમયે તે માત્ર શોર્ટ ફિલ્મના રૂપમાં હતી. એટલે, વિચાર, વિચાર જ રહી ગયો. વર્ષો પછી રજત કપૂરને જોઈન્ટ ફેમિલીનો વિચાર આવ્યો. તેમણે ફિલ્મના કેરેક્ટર્સને ફેમિલીના રંગમાં ઢાળ્યા. અને જોતજોતામાં આખી કહાણી બાઉજીના રોલની આસપાસ તૈયાર થઈ ગઈ.

### ફિલ્મની સ્ટારકાસ્ટ

'આંખો દેખી' સંજય મિશ્રાની લીડ રોલમાં બીજી ફિલ્મ હતી. આ પહેલા ૨૦૧૩માં ફિલ્મ 'સારે જહાં સેં મહંગા' આવી હતી. પરંતુ, ફિલ્મ એટલી ચાલી નહોતી. 'આંખો દેખી' માટે તેમને 'ફિલ્મફેર ક્રિટિક્સ એવોર્ડ ફોર બેસ્ટ એક્ટર' મળ્યો હતો. ફિલ્મમાં તેઓ રાજેશ બાઉજીના રોલમાં જોવા મળે છે. સંજય મિશ્રા સિવાય સીમા પાહવા અમ્માના રોલમાં અને ડિરેક્ટર રજત કપૂર ઋષિ ચાચાના રોલમાં જામે છે. રજત કપૂરના ફ્રેન્ડ રણવીર શૌરીનો કેમિયો ફિલ્મનો સરપ્રાઈઝ ફેક્ટર રહ્યો હતો.




### સોશિયલ મીડિયા કનેક્શનનો કમાલ

ઘણા કહે કે, સોશિયલ મીડિયા તો ટાઈમપાસ છે. હા, ટાઈમપાસ કરવો છે, તેને માટે ટાઈમપાસ જ છે. પરંતુ, ઘણા એવા છે, જે સોશિયલ મીડિયાનો યોગ્ય ઉપયોગ કરે છે. આ ફિલ્મના પ્રોડ્યુસર એવા જ વ્યક્તિ. નાઈજિરિયામાં રહેતા મનીષ મુદ્રાએ રજત કપૂરનો કોન્ટેક્ટ ટ્વિટર પર કર્યો હતો. કહી શકાય કે, ટ્વિટર પર થયેલા કોન્ટેક્ટથી એક ક્લાસિક ફિલ્મ બની છે, જે સમય જતાં પોપ્યુલર થશે.

### રજત કપૂરનું ચાંદની ચોક કનેક્શન

માણસનું બાળપણ ગમે ત્યારે દેખાઈ જ જાય. તેને છુપાવવું અશક્ય છે. રજત કપૂર માટે તેમનું બાળપણ એટલે ચાંદની ચોક. ચાંદની ચોકમાં જ તેમના દાદાનું ઘર હતું. રજત જોઈન્ટ ફેમિલીમાં ઉછર્યા હતા. જાણતા હતા કે, વાસણ વધારે હોય ત્યાં ખખડે પણ ખરા. બસ, આ આઈડિયાને ફિલ્મમાં લઈને આવ્યા. ફિલ્મમાં ફેમિલીની નાની-મોટી તકરારો, એકબીજાની લાઈફમાં દખલગીરી, પ્રેમ, ચિંતા અને અપેક્ષાઓ જોવા મળે છે. આ જ ઘરમાં રહેતા બાઉજી એક દિવસ નક્કી કરે છે કે, હવે તે પોતાની આંખે જોયેલી અને પોતે અનુભવેલી વાતો સિવાય બીજી કોઈ વાતને સત્ય નહીં માને.

> 'મેરા સચ મેરે અનુભવ કા સચ હોગા. આજ સે મૈં હર ઉસ બાત કો માનને સે ઈનકાર કર દૂંગા જિસે મૈંને ખુદ દેખા યા સુના ન હો. હર બાત મેં સવાલ કરૂંગા. હર ચીઝ કો દોબારા દેખુંગા, સુનુંગા, જાનુંગા, અપની નઝર કે તરાઝૂ સે તૌલૂંગા. ઔર કોઈ ભી ઐસી બાત, જિસકો મૈંને જિયા ના હો ઉસકો અપને મુઁહ સે નહીં નિકાલૂંગા. જો કુછ ભી ગલત મુઝે સિખાયા ગયા હૈ, યા ગલત તરીકે સે સિખાયા ગયા હૈ વો સબ ભુલા દૂંગા... અબ સબ કુછ નયા હોગા. નયે સિરે સે હોગા. સચ્ચા હોગા, અચ્છા હોગા, સબ કુછ નયા હોગા. જો દેખુંગા, ઉસ પર હી વિશ્વાસ કરૂંગા..'

### કબીર અને બાઉજી

તૂ કહતા કાગદ કી લેખી,
મૈં કહતા આંખિન કી દેખી,
મૈં કહતા સુરઝાવન હારી,
તૂ રાખ્યો અરુઝાઈ રે.

કબીર અહીં કહી રહ્યા છે કે, તમે માત્ર કાગળની વાતો કરી રહ્યાં છો અને હું કહી રહ્યો છું કે, જે મેં મારી આંખોથી જોયું છે અને આત્માથી અનુભવ્યું છે, એ જ સાચું છે. હું એવી વાતો કરી રહ્યો છું કે, જે જીવનને સરળ બનાવે અને તમે તેને ગૂંચવી રહ્યા છો. ફિલ્મમાં કબીરની વાતને કોમનમેનના એન્ગલથી રજૂ કરવામાં આવી છે. બાઉજી કહે છે કે, 'મેરા સચ મેરે અનુભવ કા સચ હોગા. આજ સે મૈં હર ઉસ બાત કો માનને સે ઈનકાર કર દૂંગા જિસે મૈંને ખુદ દેખા યા સુના ન હો. હર બાત મેં સવાલ કરૂંગા. હર ચીઝ કો દોબારા દેખૂંગા, સુનૂંગા, જાનૂંગા, અપની નઝર કે તરાઝૂ સે તૌલૂંગા. ઔર કોઈ ભી ઐસી બાત, જિસકો મૈંને જિયા ના હો ઉસકો અપને મુઁહ સે નહીં નિકાલૂંગા. જો કુછ ભી ગલત મુઝે સિખાયા ગયા હૈ, યા ગલત તરીકે સે સિખાયા ગયા હૈ વો સબ ભુલા દૂંગા. અબ સબ કુછ નયા હોગા. નયે સિરે સે હોગા. સચ્ચા હોગા, અચ્છા હોગા, સબ કુછ નયા હોગા. જો દેખૂંગા, ઉસ પર હી વિશ્વાસ કરૂંગા..'

આ વિચારને કારણે જ બાઉજી સાચા રસ્તાને શોધી શકે છે. બે પ્રેમીઓનું મિલન કરાવે છે. જો તેમણે બીજાની વાતોને સાચી માની હોત, તો નુકસાન તેમનું જ હતું. બે પ્રેમીઓનું મિલન પણ અશક્ય હતું. કારણ કે, આ કળિયુગમાં સંજય મળવો મુશ્કેલ છે. આપણે જ પોતાના સંજય બનવું પડશે. આપણે એ જ વસ્તુ કે વાતને જ સાચી માનવી જોઈએ જેને આપણે જોઈ હોય, જીવી હોય, મહેસૂસ કરી હોય. બાકી, બીજાના ઉધાર લીધેલાં ચશ્માથી જોયેલી દુનિયા અધોગતિ નોતરે, તે નક્કી. અંતે વાસિફ અલી વાસિફના શબ્દો સાથે વાતને વિરામ, 'નઝર નઝર કી બાત હૈ..હકીકત કુછ નહીં.. જો દેખ સકો તો સબ કુછ હૈ, ના દેખો તો કુછ નહીં..' ■

# અમિતાભ - રેખા: જોડી નંબર વન

## એમણે સૌથી પહેલાં 'દો અનજાને'માં સાથે કામ કર્યું હતું અને તે સાથે એક સિલસિલાની શરૂઆત થઈ ગઈ હતી

અમિતાભ બચ્ચન અને રેખા બોલીવૂડની એ હસ્તીમાં છે જેઓ રૂપેરી પડદે તેમજ અંગત જીવનને લઈને ચર્ચામાં રહ્યા છે. તેમની સાથેની ફિલ્મોથી લઈને તેમની પ્રેમકથા પણ ચર્ચાને પાત્ર બની છે.

અમિતાભે ૮૩મો જન્મદિવસ અને રેખાએ પોતાનો ૭૨મો જન્મદિવસ નવેમ્બર મહિનામાં ઉજવ્યો હતો. બન્નેના જન્મદિવસની તારીખો પણ રસપ્રદ છે. રેખા ૧૦ ઓક્ટોબર અને અમિતાભ ૧૧ ઓક્ટોબરના રોજ જન્મ થયો છે. રેખાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે અમિતાભના જન્મદિવસના આગલા દિવસે મારો જન્મદિવસ આવે છે.

અમિતાભ બચ્ચન અને રેખાએ પ્રથમ વખત દો અનજાને ફિલ્મમાં સાથે કામ કર્યું હતું. તેઓ એ વખતે એકબીજાથી અપિરિચિત હતા અને દો અનજાને ફિલ્મ કરતાં કરતાં રેખા અમિતાભથી પ્રભાવિત થઇ ગઇ હતી અને પ્રેમમાં પડી ગઇ હતી. આ ફિલ્મથી જ તેમની લવસ્ટોરી શરૂ થઇ ગયાનું કહેવાય છે. આ બન્નેની ઓનસ્કેરીન કેમેસ્ટ્રી અને ઓફ-સ્ક્રીન ચર્ચાએ દર્શકોના દિલમાં સ્થાન મેળવી દીધું. તેમની લવસ્ટોરી બોલીવૂડની એ લવ સ્ટોરી છે જે કદી પુરી થઇ શકી નહીં. પરંતુ આજે પણ લોકો તેમના વિશે જાણવા માટે ઉત્સુક હોય છે.

દિગ્દર્શક દુલલા ગુહાએ ૧૯૭૬માં ફિલ્મ દો અનજાને માટે અમિતાભ અને રેખાને પ્રથમ વખત સાથે કાસ્ટ કર્યા હતા. રેખા માટે આ ફિલ્મ એક મહત્વૂપૂર્ણ વળાંક સાબિત થઇ હતી. આ ફિલ્મ પછી રેખામાં ઘણો બદલાવ આવી ગયો હતો જેની ક્રેડિટ રેખાએ અમિતાભને આપે છે. તેઓ વચ્ચે જાણતાં-અજાણતાં જ દોસ્તી અને લગાવ થઇ ગયો જે સત્યમાં એકબીજા માટે દો અનજાને હતા.

રેખાએ કારકિર્દીની શરૂાત ૧૯૭૦ની સાવન ભાદો ફિલ્મથી કરી હતી. જેમાં તેના ઈન્ડસ્ટ્રી અને ક્રિટીક્સે રેખાના રૂપ-રંગ, વજન તેમજ હિંદી શૈલીની મજાક ઉડાવી હતી. આ પછી તેણે બે વરસ સુધી પોતાની રૂચિ વગર જ ફિલ્મો સાઈન કર્યાનું એક ઈન્ટરવ્યુમાં કબૂલ્યું હોવાની સાથેસાથે તેને એકટિંગમાંથી રસ ઊડી ગયો હોવાનું પણ જણાવ્યું હતું.

પોતાની કારકિર્દીની શરૂઆતની ફિલ્મોની નિષ્ફળથા પી ૧૮ વરસની રેખાએ જુહુ પાસે એક એપાર્ટમેન્ટમાં ફ્લેટ ખરીદ્યો હતો. જે બિલ્ડીંગમાં જયા ભાદુડી પણ રહેતી હતી. જયા ભાદુડી તે વખતે ક સફળ અને ગંભીર અભિનેત્રી બની ચુકી હતી.

જો અનજાને પછી રેખાને ફિલ્મ ઈન્ડસ્ટ્રીએ ગંભીરતાથી લીધી. રેખાનો અભિનય, હાવભાવ, બોલવાની શૈલીના ભારોભાર વખાણ કરવામાં આવ્યા હતા. રેખાએ પોતાની આ સફળતાનો શ્રેય અમિતાભ બચ્ચનને આપ્યો હતો અને તેના માટે રેખાને માન થઇ ગયું હતું. અમિતાભની દરેક ચીજો તેના માટે પ્રતીક બની ગઇ હતી. રેખાને પોતાના મનના માણિગરની જે ઇચ્છા હતી તે સઘળુ તેને અમિતાભમાં જોવા મળ્યું હતું અને તે ધીરે-ધીરે અમિતાભના પ્રેમમાં ગળાડૂબ થઇ ગઇ.અમિતાભ માટે રેખાએ એમ સુદ્ધાં કહ્યું હતું કે અમિતાભ પરણેલો તેનો તેના માટે કોઇ મતલબ નથી. એ વ્યક્તિ તેના માટે દિલચસ્પ હતો એ બહુ હતું. હું આ વ્યક્તિ સાથે જોડાઇને સમ્માન મેળવવા ઈચ્છું છું જોઉં છું મને કોણ રોકે છે ? હું અહીં તેનું ઘર તોડવા આવી નથી. હું અહીં એવા કમજોર લોકોની યાદીમાં છું જે તેની એક ઝલક પાઇને ખુશ થઇ જાય છે.

એક સાધારણ યુવતી રેખા ધીરે ધીરે ગ્લેમરસ બનતી ગઇ. તેણે પોતાના ડાયટ થી લઇને મેકઅપ અને વ્યાયામ પૂરતું ધ્યાન આપ્યું. તેમે યોગને પણ પોતાના જીવનમાં સામેલ કર્યો. દો-અનજાને ફિલ્મ પછી અમિતાભ-રેખાની જોડી હોટ જોડી બની ચુકી હતી. આ પછી તેમણે ઘણી ફિલ્મોમાં સાથે કામ કર્યુ હતું.

અમિતાભ અને રેખાની હિટ ફિલ્મોની વાત કરીએ તો આ યાદીમાં ૧૯૭૩માં નમક હરામ ફિલ્મ પહેલા આવે છે. આ ફિલ્મમાં બન્નેએ પ્રથમ વખત સાથે કામ કર્યુ હતું પરંતુ જોડી જમાવી નહોતી. જોડી તરીકેની પ્રથમ ફિલ્મ દો અનજાનેનો સમાવેશ છે.રેખા અને અમિતાભે કારકિર્દી દરમિયાન અલાપ ૧૯૭૭, ખૂન પસીના ૧૯૭૭, ગંગા કી સૌગંધ ૧૯૭૮, મુકદર કા સિકંદર ૧૯૭૮, મિ.નટવરલાલ ૧૯૭૯ સુહાગ ૧૯૭૯, રામ બલરામ ૧૯૮૦, કસમે વાદે ૧૯૭૮, સિલસિલા ૧૯૮૧માં આ ચર્ચિત જોડીની છેલ્લી ફિલ્મોમાંની છે.

સિલસિલામાં અમિતાભ-રેખાની સાથે જયા બચ્ચન પણ જોવા મળી હતી.આ ફિલ્મને જોવા માટે દર્શકોની ભીડ થિયેટરોમાં જોવા મળી હતી.

કહેવાય છે કે, અમિતાભ બચ્ચને રેખા સાથેના સંબંધો રાજકારણમાં પ્રવેશ કર્યા પછી તોડી નાખ્યા હતા. તેણે રેખાને કહ્યું હતું કે તે હવે એક સાર્વજનિક વ્યક્તિ થઇ ગયો હોવાથી બન્નેના સંબંધો આગળ વધવાની કોઇ શક્યતા રહી ની. પરિણામે રેખા માનસિક રીતે તૂટી ગઇ હતી અને તકલીફમાં દિવસો પસાર કરી રહી હતી. એવામાં તેની સહેલીએ તેની મુલાકાત મુકેશ અગ્રવાલ સાથે કરાવી હતી અને રેખાએ તેની સાથે લગ્ન કરી લીધા હતા. પરંતુ આ અભિનેત્રીનો આત્મા તો અમિતાભની આત્મા સાથે જોડાઇ ગયો હતો તે તેણે એક ઈન્ટરવ્યુમાં કબૂલ કરી દીધું હતું. તેણે એમ પણ કહ્યુ હતું કે અમિતાભ બચ્ચન એટલો સારો વ્યક્તિ છે કે કોઇ પણ યુવતી અમિતાભને પસંદ કરી શકે અને તેના પ્રેમમાં પડી શકે એમ છે. ■

> અમિતાભે ૮૩મો જન્મદિવસ અને રેખાએ પોતાનો ૭૨મો જન્મદિવસ આ મહિને ઉજવ્યો. રેખાનો બર્થડે ૧૦ ઓક્ટોબર અને અમિતાભનો બર્થડે ૧૧ ઓક્ટોબર છે.


મુકદર કા સિકંદર


દો અન્જાને


સુહાગ


મિ. નટવરલાલ


સિલસિલા

# પાકીઝા... ફિર એક બાર

હિન્દી ફિલ્મામાં ઘણી એવી ફિલ્મ બની છે જેનું નામ પડે અને દિલ કી ધડકન અટકી જાય. મોગલ-એ-આઝમ, પાકિઝા, શોલે.....પણ પાકિઝાની વાત ન્યારી છે. પાકિઝા ફિલ્મ એ બે જમાનાની વચ્ચે બનેલી મૂલ્યોના સંઘર્ષની ગાથા છે. કદાચ આજ કારણે આ ફિલ્મ ભારતીય સિનેમાના ઈતિહાસમાં અનોખી બની રહી છે. હવે ૧૯૭૨માં રજૂ થયેલી કમાલ અમરોહીની ક્લાસિક પાકિઝા ફિલ્મની ફોરકે આવૃત્તિ હવે ફ્રાન્સ અને યુકેના સિનેરસિકો સમક્ષ રજૂ થઇ ચૂકી છે ત્યારે આ ફિલ્મ બનાવવાના સંઘર્ષની અને તેનું રિસ્ટોરેશન કરવાના જટિલ પ્રયાસોની વાત માંડીને કરીએ.

કમાલની વાત તો એ છે કે કમાલ અમરોહી આ પાકિઝા ફિલ્મ ૧૯૫૭માં મીનાકુમારી માટે બનાવવાની તૈયારી કરી બેઠાં હતા. મીના કુમારી એ સમયે ઉગતી તારિકા હતી. જાન્યુઆરી ૧૯૫૭માં ફિલ્મનું મુહૂર્ત કરવામાં આવ્યું હતું. ૧૯૬૦માં કોહિનૂર અને ૧૯૬૨માં સાહિબ, બીબી ઔર ગુલામ ફિલ્મ કરીને મીના કુમારીએ હિન્દી ફિલ્મ જગતમાં પોતાનું નામ સોનેરી અક્ષરે કોતરાવી નાંખ્યું હતું. કમાલની વાત તો એ હતી કે ૧૯૬૨માં કમાલ અમરોહી અને મીના કુમારી અલગ પણ થઇ ગયા હતા. તેમના સહિયારાં સપનાને હજી આકાર મળ્યો નહોતો.

બ્લેક એન્ડ વ્હાઇટ માં બની રહેલી પાકિઝાને ૧૯૫૮માં ઈસ્ટમેનકલરમાં બનાવવાનું નક્કી થયું અને જર્મન સિનેમેટાગ્રાફર જોસેફ વિર્સચિંગને કેમેરામેન બનાવવામાં આવ્યો. પરંતુ ૧૯૬૭માં ફિલ્મના વિદેશી સિનેમેટોગ્રાફર જોસેફ વિર્સચિંગનું પણ અવસાન થયું. એ પછી દેશના અગ્રણી સિનેમેટોગ્રાફર્સે સાથે મળી ફિલ્મના એસ્થેટિક્સને જાળવવાનું કામ કર્યું. એ પછી બીજા જ વર્ષે ૧૯૬૮માં પાકિઝાના સંગીતકાર ગુલામ મોહમ્મદનું અવસાન થયું. પણ તેઓ પાકિઝા આજે પણ જેના માટે વિખ્યાત છે તેવી અમર સંગીત રચનાઓ ચલતે ચલતે.., થાડે રહિયો... અને મૌસમ હૈ આશિકાના તેમના અવસાન પૂર્વે બનાવી ચૂક્યા હતા. બાદમાં તેમના સ્થાને નૌશાદે ફિલ્મના પાશ્વસંગીતનો ભાર સંભાળ્યો હતો.

૧૯૬૯માં સુનીલદત્ત અને નરગીસે પાકિઝાના શૂટ થયેલાં ફૂટેજને જોયું અને તેમણે નંખાઇ ગયેલી મીનાકુમારીને તેની આ ફિલ્મ પુરી કરવા માટે સમજાવી. તેણે નામમાત્રનું મહેનતાણું સ્વીકારી આ ફિલ્મનું શૂટિંગ પુરું કર્યું હતું.

ચાર ફેબ્રુઆરી ૧૯૭૨ના રોજ ફિલ્મ રજૂ થઇ પણ જમાનો આગળ વધી ગયો હતો અને દર્શકોનો ટેસ્ટ પણ બદલાઇ રહ્યો હતો. પરિણામે શરૂઆતમાં ફિલ્મને ધાર્યો પ્રતિસાદ ન મળ્યો પણ ૩૧ માર્ચ ૧૯૭૨ના રોજ મીના કુમારીનું અવસાન થયું. મીના કુમારીના અવસાન બાદ તેનું આ સ્વાનસોંગ પાકિઝા થિયેટર્સના પડદાં પર જોવા મીના કુમારીના ચાહકો થિયેટર્સમાં ઉમટી પડ્યા. અને મીના કુમારી પાકિઝા તરીકે અમર બની ગઇ.

દાદી સાથે બિહારના એક ગામમાં આ ફિલ્મ જોતાં જોતાં મોટા થયેલાં શિવેન્દ્રસિંહ ડુંગરપુર માટે આ ફિલ્મ એક પ્રકારની અનમોલ ઘડી બની રહી છે. તેમના દાદીને પણ આ ફિલ્મ બહું ગમતી હતી. વર્ષોથી શિવેન્દ્રસિંહ ડુંગરપુર તેને રિસ્ટોર કરવા માંગતા હતા. આખરે કમાલ અમરોહીના પૌત્ર બિલાલ મારફતે તેઓ તેના માતાપિતા અને ફોઇને મળ્યા. કમાલ અમરોહીના સંતાનો તાજદાર અને રૂખસાર આખરે ફિલ્મને રિસ્ટોર કરવા માટે સંમત થયા. પણ ફિલ્મને રિસ્ટોર કરતાં શિવેન્દ્રસિંહ ડુંગરપુરની ટીમને બે વર્ષનો સમય લાગ્યો.

ઈસ્ટમેન કોડાકની ફિલ્મ પર શૂટ કરવામાં આવેલી આ પાકિઝા ફિલ્મની પ્રિન્ટની નકલ દાયકાઓ બાદ એવી ઝાંખી પડી ચૂકી હતી કે તેમાં રહેલાં રંગોને પારખવાનું કામ મુશ્કેલ બની ગયું હતું. મીનાકુમારીએ ઇન્હી લોગોં ગીતમાં જે કોશ્ચ્યુમ પહેર્યા હતા તે કયા રંગના હતા તે બાબતે દરેક જણનો મત અલગ હતો. પણ આટલાથી થાકે તો રિસ્ટોરર શેના? તેમણે કમાલ અમરોહીના પરિવારના ફેમિલિ આલ્બમમાંથી તસવીરો મેળવી. મૂળ ફિલ્મના ગુલાબી રંગના ડ્રેસ સાથે તેને સરખાવી એ જ રંગને રિસ્ટોર કરવામાં આવ્યા.

આ તબક્કે રિસ્ટોરેશનનો અર્થ સમજાવતાં શિવેન્દ્રસિંહ ડુંગરપુર કહે છે, જુની ફિલ્મને નવી દેખાય તેવી રીતે રજૂ કરવી એ રિસ્ટોરેશન નથી. એનાલોગ ફિલ્મમાં ગ્રેઇન એ તમારા શરીરમાં વહેતાં લોહી સમાન છે. તમે જો ડિજિટલી ચકચકિત ઈમેજ બનાવીને રજૂ કરો તો તેમાં ફિલ્મનો આત્મા ખોવાઇ જાય. તમે જ્યારે આંખો ખોલો ત્યારે દુનિયાને તેના અસલ સ્વરૂપમાં જુઓ છો. પણ જ્યારે ઓટીટી પ્લેટફોર્મ પર તમે કશું જુઓ તો તે અસલ ચિત્ર નહીં પણ તેની આંખને ગમે એવી આવૃત્તિ હોય છે. આ ફરક છે. તમારી આંખ કુદરતી રીતે જે પ્રકારે જુએ છે તેની નજીક સેલ્યુલોઇડ ફિલ્મનો સીન આવે છે. અમારું ધ્યેય પાકિઝાને આજે શૂટ કરવામાં આવી હોય તેવી તદ્દન નવી ફ્રેશ ફિલ્મ બનાવવાનું નહોતું પણ મૂળ પ્રિન્ટમાં રહેલી વિગતો અને રંગને તેના મૂળ સ્વરૂપે પાછાં લાવવાનું હતું.

ફિલ્મ રિસ્ટોરેશનના કામની ખૂબી ઉદાહરણ આપી સમજાવતાં શિવેન્દ્રસિંહ ડુંગરપુર કહે છે, રિસ્ટોરિંગ અને રિ ક્રિએશન વચ્ચેની ભેદરેખા સમજી લેવી જોઇએ. દાખલા તરીકે તાજમહેલના આરસનો કોઇ ટુકડો નીકળી ગયો હોય તો રિસ્ટોર કરનારે તે મૂળ આરસને શોધવો પડે. તેનાથી બહેતર દેખાતાં આરસના ટુકડાંને તેના સ્થાને ફીટ કરી દેવાથી કામ ન થાય. તાજમહેલની બહાર જ તેનાથી બહેતર આરસ વેચતી દુકાન હોય એટલે તે લઇને તેને મૂળના સ્થાને ગોઠવી ન દેવાય. એ ટુકડો ગમે એટલો સારો હોય પણ તે મૂળ આરસ સાથે મેચ ન થાય.

આ જ કારણે આજના ઉત્તમ ફિલ્મસર્જકમાં જેમની ગણતરી થાય છે તે ક્રિસ્ટોફર નોલાન પ્યુરિસ્ટ તરીકે સેલ્યુલોઇડ ફિલ્મ પર જ તેમની ફિલ્મને શૂટ કરવાનો આગ્રહ રાખે છે. તેમની નવી ફિલ્મ ઓડિસ્સીની સફળતાનું રહસ્ય પણ આ જ છે. તેઓ કોઇ ડિજિટલ ઈફેક્ટસ કે એઆઇમાં માનતાં નથી. આ ફિલ્મની સફળતા દર્શાવે છે કે દર્શકો અસલ સિનેમાની મોજ સિનેમાગૃહમાં માણવાની તક ગુમાવવા તૈયાર નથી. આ જ કારણે ફિલ્મ હેરિટેજ દ્વારા આ રીતે રિસ્ટોર કરવામાં આવેલી ક્લાસિક ફિલ્મોને જોવા માટે દર્શકો સિનેમાઘરની બહાર લાંબી કતારો લગાવે છે.

આ ફિલ્મના રિસ્ટોરેશનનું કામ ફિલ્મ હેરિટેજ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા બિલાલ અમરોહીની લાયનહાર્ટ સિનેમાના સહયોગમાં લાઈમેજિન રિટ્રોવાટા લેબોરેટરીમાં કરવામાં આવ્યું છે. લંડનમાં ૧૮ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ બીએફઆઇ આઈમેક્સમાં તેના ૧૫૩ મિનિટના રિસ્ટોર્ડ વર્ઝનને ઈંગ્લીશ સબટાઇટલ્સ સાથે ભરચક થિયેટરમાં દર્શાવવામાં આવ્યું ત્યારે હું ત્યાં હાજર હોઇશ એવી મેં કદી કલ્પના પણ કરી નહોતી. તેમણે નવી પેઢી માટે પાકિઝાને રિસ્ટોર્ડ કરવા માટે ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશનનો આભાર માન્યો હતો. **જય રિસ્ટોરેશન, જય સિનેમા!**


પાકીઝા ફિલ્મનું નવું 4000K રિસ્ટોર્ડ વર્ઝન તૈયાર છે

## પાકીઝાઃ આપ કે પાંવ બહુત હસીન હૈ, ઈસે જમીન પર મત ઉતારિયેગા, મૈલે હો જાયેંગે...

*નરગીસ યાને મીના કુમારી તેની બહેન નવાબજાન એટલે કે વીણા સપ્રુ દ્વારા ચલાવવામાં આવતાં કોઠામાંથી તેના પ્રેમી શાબહુદ્દીન એટલે કે અશોક કુમાર સાથે ભાગી નીકળે છે. પણ શાબહુદ્દીનના પિતા હકીમ સાબ એટલે કે ડી કે સપ્રુ તવાયફને ઘરમાં આવવા દઈ ખાનદાનનું નામ મિટ્ટીમાં મિલાવી દેવા માંગતા નહોતાં એટલે પુત્રને ધમકાવી કાઢે છે અને નરગીસનું અપમાન કરી નાંખે છે. આ અપમાનથી ઘવાયેલી નરગીસ કબ્રસ્તાનમાં આશ્રય લે છે. શાહબુદ્દીન તેને શોધવા ઘણું મથે છે પણ નરગીસનો પત્તો મળતો નથી. બીજી બાજુ નરગીસ કબ્રસ્તાનમાં પુત્રીને જન્મ આપવાની હોઈ શાહબુદ્દીનને પત્ર લખે છે. દરમ્યાન નવાબજાન આવીને નરગીસની પુત્રી સાહિબજાનને પોતાની સાથે લઈ જાય છે.*

*સત્તર વર્ષ બાદ શાહબુદ્દીનને નરગીસનો પત્ર મળે છે. પણ ત્યાં સુધીમાં તો સાહિબજાન એટલે કે ફરી મીનાકુમારી કોઠાની માનીતી તવાયફ બની ચૂકી હોય છે. શાહબુદ્દીન પુત્રી સાહિબજાનને મળવા આવે છે પણ જમાનાની ખાધેલ નવાબજાન પુત્રી સાહિબજાનને ટ્રેનમાં બીજા શહેરમાં રવાના કરી દે છે. આ ટ્રેનમાં સાહિબજાનના કૂપેમાં એક ફોરેસ્ટ ઓફિસર સલીમ એટલે કે રાજકુમાર છેલ્લી ઘડીએ ઘૂસે છે અને સૂતેલી મીનાકુમારીના પગની પાની જોઈ તેના પ્રેમમાં પડી લખે છે, આપ કે પાંવ દેખે . બહુત હસીન હૈ, ઈસે જમીન પર મત ઉતારિયેગા, મૈલે હો જાયેગં.*

*આમ તો પ્લોટ હવે જુનો લાગે પણ બે પેઢી સુધી ખાનદાનની ઈજ્જત સામે પ્રેમ ઝીંક ઝીલે અને આખરે પ્રેમીઓનું મિલન થાય એ ગમેએવી સ્ટોરી બની રહે છે. પણ ફિલ્મને બનતાં ૧૪ વર્ષનો સમયગાળો વીતી ગયો હતો અને હીરો અશોક કુમાર જે સલીમનું પાત્ર પણ ભજવવાના હતા તે ઘણાં ઘરડાં થઇ ગયા હતા. આખરે તેમના સ્થાને સલીમ તરીકે રાજકુંમારની એન્ટ્રી પડે છે. આમ, એક જ હિરોઇન મીના કુમારી અને બે અલગ મિજાજના સુપરસ્ટાર અશોક કુમાર અને રાજકુમારની પ્રેમ કહાની એટલે પાકિઝા.*

*ફિલ્મની સ્ટોરીમાં બદલાતા સમયની પ્રતિનિધિ મેઇલ ટ્રેન અને મધરાતે તે પસાર થાય ત્યારે તેની વાતાવરણને ચીરતી વ્હીસલ એ આ ફિલ્મનો પ્રાણ છે. ચલતે ચલતે સરે રાહ યુ હી કોઇ મીલ ગયા થા...*

## નવું શું છે?



◆ચાર મિડલક્લાસ દોસ્તારો છે. ચારેય ભારે મહત્ત્વાકાંક્ષી. આ મહત્ત્વાકાંક્ષા જ એમને ખતરનાક અન્ડરવર્લ્ડ તરફ ખેંચી જાય છે. એમનો પનારો હવે ખૂંખાર અપરાધીઓ અને પોલીસ સાથે પડે છે. પૂરવ ઝા, નમન જૈન, સકિબ અયુબ અને પ્રાયક મહેતા આ સિરીઝના મુખ્ય એક્ટર્સ છે. શો ઓલરેડી અમેઝોન પ્રાઇમ વીડિયો પર મૂકાઈ ચૂક્યો છે.

◆તમને તમિળ ફિલ્મોમાં રસ પડતો હોય તો જાણી લો કે 'ડોરોથી' ઓટીટી પર આવી ચૂકી છે. કીર્તિ સુરેશ, કાર્તિક સુબ્બારાજ, સામન્થા અને રિશીકાંત આ ફિલ્મનાં મુખ્ય કલાકારો છે. ૧૯૯૦નો સમયગાળો છે. બે પાક્કા દોસ્તારો એવા ગ્રામ્ય માહોલમાં મોટા થાય છે કે જ્યાં જાતિવાદ, હિંસા અને ટોક્સિક પુરૂષોની બોલબાલા છે. આ ફિલ્મ નેટફ્લિક્સ પર જોઈ શકો છો.



◆સ્પોર્ટ્સ બોયોપિક જોવાની કંઈક ઔર જ મજા છે. 'સુમો દીદી' ભારતની પ્રોફેશનલ ફિમેલ સુમો રેસ્લર હેતલ દવેના જીવન પર આધારિત છે. શ્રીયમ ભગનાનીએ મુખ્ય ભૂમિકા ભજવી છે. કઈ રીતે હેતલ બોડી-શેમિંગ અને સ્ત્રી-પુરૂષ અસમાનતાની હદરેખામાંથી બહાર આવ્યા, અને કઈ રીતે વિજયી બન્યા એની વાત છે. ક્યાં જોશો? ઝીફાઈવ પર.

◆મનોજ બાજપાઈની ડાઈરેક્ટ-ટુ-ઓટીટી ફિલ્મ આવી છે. ટાઇટલ છે, 'ગજબ રાત'. આ એક સસ્પેન્સ થ્રિલર છે. મનોજ બાજપાઈ આમાં પોલીસ ઓફિસર બન્યા છે. આખી ફિલ્મનો ઘટનાક્રમ એક જ રાતમાં આકાર લે છે. ફિલ્મમાં નુસરત ભરૂચા, સકિબ સલીમ અને દિવ્યા દત્તા પણ છે. 'ગજબ રાત' તમે નેટફ્લિક્સ પર જોઈ શકો છો.



### ટિકિટ ફિલ્મના મનોરંજનની, પણ બનવું પડે છે જાહેરાતોના બંધક

# થિયેટરોમાં અવિરત જાહેરાતોનો ત્રાસઃ મનોરંજન કે પછી દર્શકોના સમયની લૂંટ?

ઓડિટોરિયમમાં ધીમે ધીમે અંધારું છવાય છે. હાથમાં પોપકોર્નનું ટબ પકડીને દર્શક પોતાની સીટ પર આરામથી ગોઠવાય છે. આંખોમાં મોટા પડદા પર ફિલ્મ શરૂ થવાની ઉત્સુકતા હોય છે,પણ અચાનક સ્ક્રીન પર ચમકે છે એક પછી એક કમર્શિયલ જાહેરાતો. ક્યારેક પાંચ મિનિટ, દસ મિનિટ, પંદર મિનિટ અને ક્યારેક તો વીસ મિનિટ સુધી આવી જાહેરાતો ચાલે. મસાલા, જ્વેલરી અથવા કપડાની જાહેરાતોનો સિલસિલો અટકવાનું જાણે નામ જ નથી લેતો. ટ્રેલર આવતા સુધીમાં તો દર્શકનો ઉત્સાહ અડધો ઓસરી ગયો હોય છે. જે સમય માત્ર મનોરંજન માટે ફાળવ્યો હતો, તે સમય જાણે બળજબરીપૂર્વક બ્રાન્ડ્સના પ્રચાર પાછળ ગીરવે મુકાઈ ગયો હોય તેવી સ્થિતિ સર્જાય છે. હવે આ મુદ્દો માત્ર દર્શકોના કંટાળા પૂરતો સીમિત ન રહેતા કાનૂની અદાલતો અને ગ્રાહક સુરક્ષા ફોરમ સુધી પહોંચી ગયો છે.




**જે સમય માત્ર મનોરંજન માટે ફાળવ્યો હતો, તે જાણે બ્રાન્ડ્સના પ્રચાર પાછળ ગીરવે મુકાઈ ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. હવે આ મુદો કાનૂની અદાલતો અને ગ્રાહક સુરક્ષા ફોરમ સુધી પહોંચી ગયો છે.**

### હૈદરાબાદનો કિસ્સો અને ગ્રાહક ફોરમની લાલ આંખ

તાજેતરમાં હૈદરાબાદમાં બનેલી એક ઘટનાએ સમગ્ર દેશનું ધ્યાન ખેંચ્યું છે. ફિલ્મ શરૂ થવામાં આશરે બાવીસ મિનિટના અસહ્ય વિલંબથી નારાજ થયેલા એક જાગૃત દર્શકે મલ્ટિપ્લેક્સ સામે કન્ઝ્યુમર ફોરમમાં એક લાખ રૂપિયાના વળતરનો દાવો ઠોકી દીધો. જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ કમિશન ટુ સમક્ષ સિનેમા ચેઈન બાવીસ મિનિટના આ વિલંબને નકારી શકી નહિ કે ન તો કોઈ દલીલ સાબિત કરી શકી.

પરિણામે કમિશને આ અન્યાયી અને પ્રતિબંધિત વેપાર પદ્ધતિ બદલ મલ્ટિપ્લેક્સને દર્શકને થયેલી અસુવિધા પેટે વીસ હજાર રૂપિયા અને કાનૂની ખર્ચ પેટે રૂપિયા પાંચ હજાર ચૂકવવાનો આદેશ આપ્યો. આ ઉપરાંત, ગ્રાહક કલ્યાણ ભંડોળમાં દંડાત્મક નુકસાની તરીકે વધારાના રૂા. પચાસ હજાર જમા કરાવવાનો આદેશ આપ્યો. સિનેમા ચેઈને બચાવમાં દલીલ કરી હતી કે સરકારી જનહિતની જાહેરાતો (પીએસએ) લોકોના હિત માટે હોય છે, પણ કમિશને સ્પષ્ટ કર્યું કે સરકારી માર્ગદર્શિકા મુજબ આવી જાહેરાતો માત્ર બે મિનિટ સુધી જ મર્યાદિત હોવી જોઈએ. આખો સમય તેના નામે વેડફી શકાય નહિ.

### ટિકિટ પર ખરો સમય કેમ છાપવામાં નથી આવતો?

મોટાભાગના સિનેમાઘરો ટિકિટ પર ક્યારેય ફિલ્મ શરૂ થવાનો વાસ્તવિક સમય દર્શાવતા નથી. તેના બદલે જે સમય લખાય છે, તેમાં પંદરથી વીસ મિનિટ માત્ર જાહેરાતો અને ટ્રેલર્સના નામે ગુપચાવી દેવાય છે. સિનેમા ચેઈનના એક કર્મચારી એનું ખરુ કારણ સમજાવતા કહે છે: 'દર્શકોને આ ટોર્ચર જેવું લાગે છે, પણ જો ટિકિટ પર ફિલ્મ શરૂ થવાનો સાચો સમય લખી દઈએ તો દર્શકો સમયસર નહિ આવે. જો દર્શકો સમયસર નહિ આવે, તો બ્રાન્ડ્સ અમને જાહેરાતો કેવી રીતે આપે?'

એક્ઝિબિટર્સનું માનવું છે કે જો આવી ફરિયાદો વધશે, તો ભવિષ્યમાં ટિકિટ પર એવી પ્રમાણભૂત લાઈન લખવી પડશે કે શો પહેલા પંદરથી વીસ મિનિટ જાહેરાતો દર્શાવવામાં આવશે. કેટલાક સિનેમાઘરો હવે એડ-ફ્રી શોનો પ્રીમિયમ વિકલ્પ પણ વિચારી રહ્યા છે, જ્યાં દર્શકો વધારાના પૈસા ચૂકવીને જાહેરાત વિના સીધી ફિલ્મ માણી શકે.

### દર્શકોનું ગણિતઃ મુશ્કેલી કે બફર ટાઈમ?

નિયમિત સિનેમામાં જતા દર્શકો હવે આ સમયગાળાથી ટેવાઈ ગયા છે અને પોતાની રીતે ગણતરીઓ માંડે છે. એક પચાસ વર્ષીય મહિલા જણાવે છે કે 'હું આ જાહેરાતોને બફર ટાઈમ માનું છું. ટ્રાફિકને કારણે મોડું થાય તો મને ગભરાટ નથી થતો. હું જાહેરાતો સહન કરવા નથી માગતી, એટલે થોડી મોડી પહોંચું છું. જો કે આ એક જુગાર જેવું છે, ઘણીવાર ફિલ્મના શરૂઆતના સીન ચૂકી જવાય છે.'

બીજી તરફ વીસ વર્ષીય યુવતીના મતે મોડી રાતના શોમાં આ વિલંબ મુશ્કેલી ઊભી કરે છેઃ 'જો રાત્રે દસ વાગ્યાનો શો હોય અને ફિલ્મ અડધો કલાક મોડી શરૂ થાય, તો રાત્રે ઘરે જવા માટે વાહન મળવું મુશ્કેલ બને છે.'

વળી અન્ય અનેક દર્શકો આ જાહેરાતોથી ત્રાસી જાય છે, પણ હોલની બહાર જઈ શકતા નથી કારણ કે બહાર જવામાં ફિલ્મની શરૂઆત ચૂકી જવાનો ડર રહે છે.

### સિનેમાઘરોનો વેપાર અને દર્શકોની પરેશાની

સિને જગતના વિશ્લેષકોના જણાવ્યા અનુસાર થિયેટરોમાં ટિકિટના ભાવ વધુ વધાર્યા વિના આવક જાળવી રાખવા માટે જાહેરાતો અનિવાર્ય સ્રોત છે. ફિલ્મ શરૂ થતા પહેલાંનો સ્લોટ સૌથી મોંઘો હોય છે, કારણ કે ત્યારે હોલમાં હાજર તમામ દર્શકોનું સંપૂર્ણ ધ્યાન સ્ક્રીન પર હોય છે. ટીવી કે સ્માર્ટફોન પર લોકો જાહેરાતો સ્કીપ કરે છે અથવા અવગણે છે, પણ થિયેટરમાં બેઠેલો દર્શક સ્ક્રીન સામે મજબૂર હોય છે. તેને કોઈ જ્વેલરી, રાજ્યના પ્રવાસન અથવા કપડાની જાહેરાતમાં રસ હોય કે ન હોય, પણ જોવી જ પડે છે. ઈન્ટરવેલ વખતે મોટાભાગના દર્શકો બહાર નીકળી જતા હોવાથી શરૂઆતનો સમય જાહેરાતદાતાઓ માટે સોનાની ખાણ સમાન હોય છે.

થિયેટર માલિકોએ સમજવું જોઈએ કે સિનેમા એ માત્ર વેપાર નથી, દર્શકોના મૂલ્યવાન સમય અને મનોરંજન સાથે જોડાયેલો સંબંધ છે. કમાણી ચોક્કસ જરૂરી છે, પણ દર્શકોને ટિકિટના પૈસા ચૂકવ્યા પછી પોતાની સીટ પર બંધક દર્શક બનાવી રાખવો એ ગ્રાહકના અધિકારો પર સીધો પ્રહાર છે. પારદર્શક સમયપત્રક અને વાજબી મર્યાદા જ આ વિવાદનો કાયમી ઉકેલ લાવી શકે છે.

## SOCIAL સર્કલ


ટાઈગર શ્રોફઃ ઘાત ટળી, ભીડુ!

*નવરાત્રિના દિવસોમાં માતાજીએ ટાઈગર શ્રોફની આબાદ રક્ષા કરી, બાપલા. કોણે વિચાર્યું હતું કે એક દિવસ ટાઈગર શ્રોફ અપરાધી ગેંગની ઝપટમાં આવી જશે! શૂટર્સની હિંમત જુઓ- ચાહકો અને પાપારાઝીઓની હાજરીમાં એમણે ટાઈગરની બીએમડબલ્યુ પર ફાયરિંગ કર્યું. સારું થયું કે ટાઈગરને કશું થયું નહીં. મહારાષ્ટ્રના ડેપ્યુટી ચીફ મિનિસ્ટર એકનાથ શિંદે ટાઈગરના ઘરે જઈને એના હાલચાલ પૂછી આવ્યા. સોશિયલ મિડીયા પર શેર થયેલી આ તસવીર શિંદેભાઉ ઘરે આવ્યા તે વખતની જ છે. વાંકદેખાઓએ કહ્યું કે ના રે ના, આ તો બધાં નાટક. ફાયરિંગ-બાયરિંગ જેવું કશું થયું નહોતું, આ તો એની આગલી ફિલ્મ માટે પબ્લિસિટી સ્ટંટ હતો, બીજું કંઈ નહીં. લો, બોલો. બાય ધ વે, કઈ છે ટાઈગરની આગલી ફિલ્મો? સૌથી પહેલાં આવશે, 'આ ગલે લગ જા', આવતા વર્ષે મે મહિનામાં. તે સિવાય રેમો ડિસુઝાની એક ફિલ્મ, બી.આર. સચિન નામના ડિરેક્ટરની એક ફિલ્મ (આ બન્નેનું શૂટિંગ આટોપાઈ ગયું છે), રામ માધવાનીની 'વજ્ર' નામની માઈથોલોજિકલ ફિલ્મ અને સંભવતઃ એક ઝોમ્બી કોમેડીમાં પણ ટાઈગર દેખાવાનો છે. સાજા સારો ને સલામત રહેજે, ટાઈગર. અમારે હજુ તારા કેટલાય અજીબોગરીબ સ્ટંટ અને અદ્ભુત ડાન્સ મૂઝ જોવાના બાકી છે.*

કંગના રનૌતઃ એ હાલો...



*કંગના રનૌતની નવરાત્રિ વાઈબ જુઓ. એ ઈન્સ્ટાગ્રામ પર આવી તસવીરો શેર કરે ત્યારે એકાએક આપણને યાદ આવે કે ઓ હા, કંગના મૂળ તો એક રૂપકડી હિરોઈન છે, નંઈ? બાઝકણી - સોરી - બહાદૂર સન્નારી અને નયી નવેલી સાંસદ તો એ પછી બની. આપણને સૌને કંગનાને બિગ સ્ક્રીન પર જોવાની તાલાવેલી છે, શું કહો છો? કંગના હવે સુપરહિટ 'ક્વીન'ની સિક્વલ 'ક્વીન ફોરેવર'માં દેખાશે. તે સિવાય એ 'મણિકર્ણિકા રિટર્ન્સઃ ધ લેજન્ડ ઓફ દિદ્દા' (દિદ્દા એટલે કાશ્મીરની યોદ્ધા મહારાણી) પર પણ એ કામ કરી રહી છે. 'તનુ વેડ્સ મનુ-થ્રી'ની વાતો ચાલી રહી છે. આર. માધવન સાથે સંભવતઃ ઔર એક ફિલ્મમાં પણ એ દેખાય એવી શક્યતા છે. ખાટલે મોટી ખોડ એ છે કે કંગના બાપડી ફિલ્મો બનાવ્યા કરે છે, એય પાછી સારી ફિલ્મો, પણ કોઈ જોવા જતું નથી! ફ્લોપના આ સિલસિલા પર 'ક્વીન ફોરેવર' બ્રેક મારી દે તેવી માતાજીને પ્રાર્થના, બીજું શું?*


વિજય દેવરકોન્ડાઃ ઔર એક ઝટકો

*બધાને હતું 'રાણાબલિ' આવશે ને વિજય દેવરકોન્ડાનો ફ્લોપની સરવાણી અટકશે. જુઓને, એની છેલ્લી ફિલ્મો 'લાઈગર' (૨૦૨૨), 'ધ ફેમિલી સ્ટાર' (૨૦૨૪) અને 'કિંગડમ' (૨૦૨૫) બોક્સ ઓફિસ પર પીટાઈ ગઈ હતું. આપણને હતું કે એને રશ્મિકા મંદાના સાથે થયેલાં તાજાં તાજાં લગ્ન શુકનવંતા સાબિત થશે ને પતિ-પત્ની બન્નેને ચમકાવતી 'રાણાબલિ' બોક્સઓફિસ પર જાદુ કરશે. એવું બન્યું નહીં. કશો વાંધો નહીં. વિજય દેવરકોન્ડાનો સ્ટાર પાવર એટલો જોરદાર છે (જોઈ લો એની લેટેસ્ટ ઈન્સ્ટા તસવીર) કે 'રાણાબલિ'નો ઝટકો પણ એ સહી જ લેશે.*